પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૦૨ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૦૮-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ઉતર અને પુર્વ ભારતમાં ભારે વરસાદ, ૬૦ લોકોના મોત

## આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી, આવી સ્થિતિમાં સ્થિતિ વધુ બગડવાની સંભાવના છે



નવીદિલ્હી,

દેશના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. આ વરસાદને કારણે પહાડી વિસ્તારોથી લઈને મેદાની વિસ્તારો સુધી લોકો પરેશાન થઈ રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને ઓડિશામાં વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલન જેવી ઘટનાઓમાં ૫૦થી વધુ લોકોના મોત થયા છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ સૌથી વધુ પ્રભાવિત છે. એકલા હિમાચલ પ્રદેશમાં ૩૬ લોકોના મોત થયા છે. હિમાચલ પ્રદેશ ઉપરાંત ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર, ઓડિશા અને ઝારખંડ જેવા રાજ્યોમાં ભૂસ્ખલન અને પૂરને કારણે સ્થિતિ વધુ ખરાબ છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. આવી સ્થિતિમાં સ્થિતિ વધુ બગડવાની સંભાવના છે. તે જ સમયે, મધ્યપ્રદેશના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

હિમાચલ પ્રદેશમાં અવિરત વરસાદને કારણે સ્થિતિ વધુ કફોડી બની છે. હિમાચલ પ્રદેશના કાંગડામાં ચક્કી નદી પરનો રેલવે પુલ ભારે વરસાદને કારણે તૂટી પડ્યો હતો. છેલ્લા ત્રણ દિવસમાં રાજ્યમાં વરસાદના કારણે ભૂસ્ખલન અને અચાનક પૂરમાં એક પરિવારના આઠ સભ્યો સહિત ૩૬ લોકોના મોત થયા છે. રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના ડિરેક્ટર સુદેશ કુમાર મોખ્તાએ જણાવ્યું કે ૧૦ લોકો ઘાયલ પણ થયા છે. એવી પણ માહિતી આપવામાં આવી છે કે પૂરમાં ગુમ થયેલા ૫ લોકો હજુ સુધી મળ્યા નથી.

રાજ્યમાં ૩૨૨ રસ્તાઓ બંધ છે અને ૮૩૨ વિસ્તારોમાં વીજળી પ્રભાવિત થઈ છે. આ સાથે જ ઓછામાં ઓછા ૮૫ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા પણ ઉભી થઈ છે. સાથે જ પૉંગ ડેમમાં ભારે વરસાદને કારણે પાણીની સપાટીમાં ઘણો વધારો થયો છે, આવી સ્થિતિમાં ડેમના દરવાજા ખોલવા ફરજિયાત બની ગયા છે. આ પહેલા પંજાબના દસ જિલ્લામાં પૂરની ચેતવણી જારી કરવામાં આવી છે.ભારે વરસાદને કારણે ઉત્તરાખંડમાં અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. પૌરી, ટિહરી અને દેહરાદૂન જિલ્લા ભારે વરસાદથી સૌથી વધુ પ્રભાવિત છે, જ્યાં પાણી ભરાઈ જવાની સમસ્યા ઉભી થઈ છે. દેહરાદૂનના માલદેવતા વિસ્તાર સૉંગ નદીના વહેણને કારણે પૂરથી પ્રભાવિત થયો હતો.

દહેરાદૂનથી જોલી ગ્રાન્ટ એરપોર્ટને જોડતો ફલાયઓવર પૂરમાં ધોવાઈ ગયો હતો અને કેટલાક ગામોનો સંપર્ક પણ તૂટી ગયો હતો. ખેત ગામમાં વાદળ ફાટવાના કારણે સાત લોકોના મોતની આશંકા છે. પૂર અને વરસાદને કારણે મંડી અને કુલ્લુ જિલ્લામાં શાળાઓ બંધ કરી દેવામાં આવી છે.

દરમિયાન, ઓડિશામાં ભારે વરસાદને કારણે આવેલા પૂરને કારણે રાજ્યના ઘણા દરિયાકાંઠાના વિસ્તારો સંપર્ક કપાઈ ગયા છે. ભારે વરસાદને કારણે દીવાલો ધરાશાયી થવાની અલગ-અલગ ઘટનાઓમાં ઓછામાં ઓછા ૮ લોકોના મોત થયા છે. દરમિયાન, મુખ્યમંત્રી નવીન પટનાયકે ખુરધા, પુરી, કટક, જગતસિંહપુર અને કેન્દ્રપારા જિલ્લાના પૂર પ્રભાવિત વિસ્તારોની હેલિકોપ્ટર સમીક્ષા કરી હતી.મયુરભંજ, બાલાસોર અને કેઓંઝર જિલ્લામાં ભારે વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ૨૬૦ મીમી વરસાદ મયુરભંજમાં નોંધાયો હતો. તે જ સમયે, ૧૮ બ્લોકમાં ૧૦૦ મીમી વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ડાંગા અને પુરીમાં પણ વરસાદની ખરાબ અસર થઈ છે.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ અને વારાણસીમાં ભારે વરસાદને કારણે ગંગા અને યમુનાના જળસ્તરમાં વધારો થયો છે. જેના કારણે અનેક ગામોમાં પાણી ભરાઈ ગયા છે. વારાણસી જિલ્લા વહીવટીતંત્રે શુક્રવારે જણાવ્યું હતું કે પૂરનું પાણી ૭૦.૨૬ મીટરના ખતરાના નિશાનથી માત્ર એક મીટર નીચે હતું અને પ્રતિ કલાક બે સેન્ટિમીટરની ઝડપે વધી રહ્યું હતું. તે જ સમયે, વરુણા નદી પણ તેના ખતરાના નિશાનથી ઉપર વહી રહી હતી. પૂરના ભયને કારણે વારાણસી ઘાટ પરની અંતિમયાત્રા પણ પ્રભાવિત થઈ છે. જેના કારણે બાળકોના શિક્ષણ પર પણ અસર પડી છે અને શાળાઓ બંધ કરવી પડી છે.

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં ભારે વરસાદને કારણે અચાનક પૂરની સમસ્યા ઉભી થઈ છે. જેના કારણે દર્હાલી નદીનું જળસ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચી ગયું છે. આ પહેલા શુક્રવારે અચાનક પૂરના કારણે માતા વૈષ્ણો દેવીની યાત્રા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. માતા વશ્નો દેવી મંદિર રિસી જિલ્લાના કટરા શહેરમાં આવેલું છે, જ્યાં રવિવારે યાત્રા ફરી શરૂ કરવામાં આવી છે. મધ્યપ્રદેશમાં ફરી એકવાર ચોમાસું સક્રિય થયું છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદને કારણે રાજ્યની તમામ મોટી નદીઓ છલકાઈ ગઈ છે. સાથે જ ડેમના મોટાભાગના દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. રાજધાની ભોપાલ, નર્મદાપુરમ, વિદિશા, છિંદવાડા, રીવા, સતના, છતરપુર અને રાયસેન સહિત રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત છે. ભારે વરસાદને કારણે સોમવારે ભોપાલ તેમજ જબલપુર, ઉમરિયા, મંડલા અને ડિંડોરીમાં શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. આ સિઝનમાં અત્યાર સુધીમાં એકલા ભોપાલમાં ૫૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજગઢ જિલ્લામાં ભારે વરસાદને કારણે બિયારામાં સ્થિતિ વણસી છે. શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. વરસાદ અને પૂરના પાણીમાં અનેક લોકો ફસાયા છે. હાલ પોલીસ અને પ્રશાસનની ટીમ રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહી છે. રવિવારથી જબલપુરમાં ભારે વરસાદ પડી રહ્યો છે. નર્મદાપુરમ જિલ્લામાં શનિવાર રાતથી ભારે વરસાદ ચાલુ છે. તવા ડેમના ૫ દરવાજા ખોલવામાં આવ્યા છે. નર્મદાપુરમમાં નર્મદા નદીના જળસ્તરમાં વધારો થયો છે. ભારે વરસાદ બાદ બરગી ડેમ પણ ઓવરફ્લો થયો છે. હાલમાં બર્ગીના ૧૭ દરવાજા ખોલવામાં આવ્યા છે. ભારે વરસાદને કારણે રાજ્યની તમામ નાની-મોટી નદીઓ છલકાઈ ગઈ છે. નર્મદા નદી ઉપરાંત ચંબલ, બેતવા, તાપ્તી, શિપ્રા, કાલીસિંધ, શિવના નદીમાં ભારે પૂર છે. નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ભરાયા છે. ભોપાલમાં કાલિયાસોટ, કેરવા અને ભડભડા ડેમ પણ ઓવરફ્લો થઈ ગયા છે.

## વડોદરામાં એક ફેક્ટરીમાં દરોડા, ડ્રગ્સનો કાચો માલ જપ્ત કરી ગોડાઉન સીલ કરાયું

વડોદરા,

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ડ્રગ્સ પકડાવાના કેસમાં સતત વધાર થઈ રહ્યો છે. ત્યારે આજે ગુજરાત એટીએસ અને વડોદરા એસઓજીએ સાકંરદામાં આવેલી ફૈક્ટ્રી માં દરોડા પાડ્યા છે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા નેક્ટર કેમ કેમિકલ કંપનીમાંથી ડ્રગ્સ ઝડપાયું હતું. તેના આરોપી પિયુષ પટેલને સાથે રાખીને એટીએસની ટીમે સ્વસ્તિક સિરામિક કમ્પાઉન્ડમાં રેડ પાડી છે. નેક્ટર કેમ કંપનીના માલિકાઓ આ ગોડાઉન ભાડે રાખ્યું હોવાની માહિતી એટીએસને મળી હતી. ગોડાઉનમાંથી એક વ્યક્તિની ધરપકડ પણ કરવામાં આવી છે. તો ડ્રગ્સ બનાવવા માટે વાપરવામાં આવતું રો મટીરીયલ જપ્ત કરી ગોડાઉનને સીલ કરી દેવામાં આવ્યું છે.

એટીએસની ટીમે ગોડાઉનમાંથી ડ્રગ્સ બનાવવામાં આવતા રો મટીરીયલના શંકાસ્પદ જથ્થાને જપ્ત કર્યો છે અને તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યો છે. મોક્સી ગામના નેક્ટર કેમ કંપનીમાંથી ડ્રગ્સ ઝડપાયા બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કંપનીના માલિક પિયુષ પટેલે રિમાન્ડ દરમિયાન ગોડાઉન ભાડે રાખી રો મટીરીયલ રાખ્યું હોવાની કબૂલાત કરી હતી. ત્યારબાદ આજે એટીએસ દ્વારા રેડ પાડવામાં આવી છે.

ગુજરાત એટીએસની ટીમે ૧૬ ઓગસ્ટે સાવલીના મોક્સી ખાતે નેક્ટર કેમ કંપનીમાં દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ૧૧૦૦ કરોડથી વધુનું ૨૨૫ કિલો એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. આ ડ્રગ્સને ચકાસતા ૧૮ કલાક જેટલો સમય લાગ્યો હતો. એટીએસે કંપનીના ૨ પાર્ટનર એક પિયુષ પટેલ અને બીજા મહેષ વૈષ્ણવને ઝડપી લીધા હતા. આ એક વર્ષથી ડ્રગ્સનો વેપાર કરતા હતા.

આ કંપની દ્વારા કોરોનાની હાઈડ્રોક્લોરોક્વીન દવાની આડમાં ડ્રગ્સનો ધંધો કરવામાં આવતો હતો. કંપની દવાની જગ્યાએ ડ્રગ્સ બનાવતી હતી. કંપનીના માલિકો દ્વારા કોઈને શંકા ન જાય તે માટે એમડી ડ્રગ્સ ભરેલા થેલા છુટા છવાયા રાખવામાં આવતા હતા. એટીએસની ટીમે જ્યારે આ થેલાની તપાસ કરી તો તેમાંથી ડ્રગ્સ મળી આવ્યું હતું.

આ પહેલા ભરૂચના પાનોલી જીઆઈડીસીમાં ઈન્ફિનિટી રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ નામની કંપનીમાં મુંબઈ નાર્કોટિક્સ ટીમે ૧૩ ઓગસ્ટે રેડ કરી હતી. અહીંથી ૫૦૦ કિલો કરતા વધુ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. મુંબઈની ટીમે જપ્ત કરેલા ડ્રગ્સની કિંમત ૧ હજાર કરોડથી વધુની છે.

## વડાપ્રધાન મોદી ઘણા મંત્રીઓના કામથી અસંતુષ્ટ, ટૂંક સમયમાં કેબિનેટ વિસ્તરણ થઈ શકે છે



નવીદિલ્હી,

કેન્દ્રીય મંત્રીમંડળનું ટૂંક સમયમાં વિસ્તરણ કરવામાં આવશે. મોદી સરકારના મંત્રીઓના કામની સમીક્ષા કરવામાં આવી રહી છે. ખરાબ રિપોર્ટ કાર્ડ ધરાવતા મંત્રીઓને સજા થશે તેવા સમાચાર છે. ઘણા મંત્રીઓની કામગીરીથી નેતૃત્વ સંતુષ્ટ નથી. મંત્રાલયે કેન્દ્ર સરકારના કામને કેટલું જમીન પર ઉતાર્યું છે તેનો રીપોર્ટ પણ ચેક કરવામાં આવશે. કહેવામાં આવી રહ્યું છે કે શિવસેનાના એકનાથ શિંદે જૂથને પણ કેબિનેટમાં સ્થાન મળશે અને બે મંત્રી પદ હશે.કેન્દ્ર સરકાર ના એક ડઝન મંત્રીઓ બદલાય તેવી શક્યતા છે. કેટલાક મંત્રીઓના પોર્ટફોલિયોમાં પણ ફેરફાર થઈ શકે છે. સુત્રો પાસેથી આ માહિતી બહાર આવી છે.

ગયા વર્ષે જુલાઈમાં પીએમ મોદીએ કેબિનેટનું વિસ્તરણ કર્યું હતું. ૨૦૧૯માં ફરી સત્તામાં આવ્યા બાદ કેબિનેટનું આ પ્રથમ વિસ્તરણ હતું. જેમાં ૪૩ સાંસદોએ મંત્રી તરીકે શપથ લીધા હતા. જ્યોતિરાદિત્ય સિંધિયા, સર્બાનંદ સોનોવાલ સહિત ૩૬ નવા ચહેરા હતા, જ્યારે ૭ વર્તમાન મંત્રીઓ હતા. મનસુખ માંડવિયાને સ્વાસ્થ્ય મંત્રી બનાવવામાં આવ્યા છે, જ્યારે સિંધિયાને નાગરિક ઉડ્ડયન મંત્રાલય આપવામાં આવ્યું છે. ત્યારબાદ રવિશંકર પ્રસાદ, હર્ષવર્ધન અને પ્રકાશ જાવડેકરને કેબિનેટમાંથી હટાવી દેવામાં આવ્યા હતા.

હાલમાં જ મુખ્તાર અબ્બાસ નકવી અને આરસીપી સિંહે મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. બંને રાજ્યસભાનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો અને તેઓ કોઈપણ ગૃહના સભ્ય નહોતા. આવી સ્થિતિમાં બંનેએ મંત્રી પદ છોડવું પડ્યું હતું. બંનેના મંત્રાલય સ્મૃતિ ઈરાની અને જ્યોતિરાદિત્ય સિંધિયાને આપવામાં આવ્યા હતા. ઈરાનીને નકવી પાસેથી લઘુમતી બાબતોનું મંત્રાલય મળ્યું, જ્યારે સિંધિયાને સ્ટીલ મંત્રાલય મળ્યું.

બીજી તરફ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ ફરી પાર્ટી અધ્યક્ષ પદ સંભાળશે નહીં. તેમણે આગ્રહ કર્યો છે કે બિન-ગાંધી નેતા કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચૂંટાય, તેથી આ સ્થિતિમાં અનેક સવાલો ઉભા થયા છે. રાહુલ ગાંધી નહીં તો પ્રિયંકા ગાંધીને આ પદની જવાબદારી સોંપી શકાય? રાહુલ બિન-ગાંધીની વકીલાત કરી રહ્યા છે. તેઓ પ્રિયંકાનું નામ લેવાનો પણ ઈનકાર કરી રહ્યા છે. તેમજ રાહુલ પોતે પણ કોઈ બિન-ગાંધીનું નામ લઈ રહ્યા નથી. તેઓ કહી રહ્યા છે કે જે કોઈ ચૂંટણી લડે અને તેઓ પ્રમુખ બને. સાથે જે પ્રમુખ બનશે તેને સંપૂર્ણ સહકાર આપશે.

## શ્રાવણના છેલ્લા સોમવારે હર હર મહાદેવના નાદ સાથે શિવાલયો ગુંજી ઉઠયાં



અમદાવાદ,

પવિત્ર શ્રાવણ માસનો છેલ્લા સોમવારે અમદાવાદ સહિત ગુજરાતભરના શિવાલયો હર હર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠયા હતાં સવારથી જ શિવભક્તો શિવજીની વિશેષ પૂજા અર્ચના કરતા જોવા મળ્યા હતાં શિવાલયોમાં ભક્તોની મોટી ભીડ જોવા મળી હતી રાજ્યભરના તમામ શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા છે. ત્યારે શ્રાવણ માસના સોમવાર નિમિત્તે પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મંદિરમાં આજે મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા છે. છેલ્લો સોમવાર હોઈ હજારોની સંખ્યામાં ભક્તોએ મહાદેવની પ્રાતઃ આરતીમાં ભાગ લીધો. વહેલી સવારથી ભક્તો સોમનાથ દાદાના દર્શન કરવા માટે લાઈનમાં લાગ્યા હતા. શ્રાવણ માસમાં સોમનાથ તીર્થમાં સૌથી વધુ ભક્તો આજે જોડાયા છે. સવારથી હર હર મહાદેવના નાથથી સોમનાથ મંદિર ગુંજી ઉઠ્યું છે.

શ્રાવણના અંતિમ સોમવારે સોમનાથમાં માનવ મેદની ઉમટી પડી છે. હજારો ભકતોએ સોમનાથ મહાદેવની પ્રાતઃ આરતીમાં ભાગ લીધો હતો. તો હજી દિવસભેર ભક્તોની ભીડ રહેશે. સોમનાથ તીર્થમાં શ્રાવણ માસનો સર્વાધિક ટ્રાફિક આજના દિવસે દેખાયો છે. સાથે અંતિમ સોમવારે મેઘરાજાએ અમી વર્ષા કરી સોમનાથ મહાદેવ પર અભિષેક કર્યો હતો. હરહર મહાદેવના નાદ સાથે સોમનાથ તીર્થ શિવમય બન્યું છે. આ ઉપરાંત અમદાવાદ સહિતના મોટાભાગના શિવાલયોમાં ભકતોની ભારે ભીડ જોવા મળી હતી અને ભકતો દ્વારા શિવલીંગ પર પાણી મધ દુધ બીલીપત્રોનો અભિષેક કરવામાં આવ્યો હતો અને આખો દિવસ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પાટીદાર અનામત આંદોલન સમિત દ્વારા ૨૮ ઓગસ્ટે તિરંગા પદયાત્રાનું આયોજન

સુરત,

પાટીદાર અનામત આંદોલન સમિત દ્વારા ૨૮ ઓગસ્ટે સવારે ૯ વાગ્યાથી તિરંગા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા સુરતના વરાછા વિસ્તારમાં આવેલા ક્રાંતિ ચોકથી શરૂ થશે અને સરદાર પ્રતિમા, મીની બજાર પાસે પુરી થશે. જો કે એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે તિરંગા યાત્રાના નામે પાસ શક્તિ પ્રદર્શન કરી રહ્યું છે.

પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા ધાર્મિક માલવિયાએ કહ્યું હતું કે અત્યારે દેશભરમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી ચાલી રહી છે અને ૨૫ ઓગસ્ટે પાટીદાર ક્રાંતિ દિવસ છે અને ૨૬ ઓગસ્ટે પાટીદાર શહીદોના માનમાં અને તેમને શ્રધ્ધાંજલી આપવા માટે પાસ દ્વારા ૨૮ ઓગસ્ટે, રવિવારે તિરંગા પદ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાવવાના છે.

## સરકાર કોર્પોરેટ્સ કરતાં લોકો પાસેથી વધુ વેરો લે છે : રાહુલ

નવીદિલ્હી,

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ફરી એક વખત સરકારની ટીકા કરી છે. તેમણે આરોપ મૂક્યો હતો કે, સરકાર સામાન્ય જનતા પાસેથી ઊંચો ટેક્સ વસૂલે છે અને તેના 'મિત્રો'ના ટેક્સમાં ઘટાડો કરે છે. રાહુલ ટ્વિટર પર ગ્રાફ મૂકી જણાવ્યું હતું કે, 'સરકાર જનતા પાસેથી ટેક્સ દ્વારા વધુ કમાણી કરી છે, જ્યારે નીચા ટેક્સને કારણે કોર્પોરેટ્સ પાસેથી મળતી આવક સામાન્ય નાગરિક કરતાં ઓછી છે.'

તેમણે કટાક્ષ કર્યો હતો કે, 'લોકો પર ટેક્સ વધારો અને મિત્રો પર ટેક્સ ઘટાડો - આ સૂટ-બૂટ-લૂટ સરકારની 'રાબેતા મુજબની પ્રણાલી' છે.' રાહુલ ગાંધીએ દર્શાવેલા ગ્રાફમાં કંપનીઓ અને લોકો પાસેથી લેવાતા ટેક્સની તુલના કરી હતી. ગ્રાફમાં જણાવ્યા અનુસાર સમયની સાથે કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે જનતા પરનો ટેક્સ વધી રહ્યો છે. ગ્રાફમાં એવું પણ દર્શાવાયું છે કે, સરકારે અગાઉના વર્ષોમાં લોકો પાસેથી મેળવેલા ટેક્સની રકમ ટકાવારીની રીતે કોર્પોરેટ્સ કરતાં વધુ છે.

રાહુલ ગાંધીએ ટ્વિટ કરેલા ગ્રાફની માહિતી અનુસાર '૨૦૧૦માં કોર્પોરેટ્સ પાસેથી થયેલી ટેક્સની આવક ૪૦ ટકા હતી, જેની તુલનામાં લોકો પાસેથી મળેલી કરવેરાની રકમ ૨૪ ટકા હતી. જ્યારે ૨૦૨૧માં લોકો પાસેથી ૪૮ ટકા અને કોર્પોરેટ્સ પાસેથી લગભગ ૨૪ ટકા ટેક્સ વસૂલ કરાયો છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે પણ જીવનજરૂરી ચીજો પર જીએસટી લેવાના પ્રસ્તાવનો વિરોધ કરતો રાજસ્થાનના મુખ્યમંત્રીનો પત્ર દર્શાવ્યો હતો.

## કિસાનોને પરવાનગી ન મળવા છતાં જંતર-મંતર મેદાનમાં જમાવડો કર્યો, રાકેશ ટિકૈતની અટકાયત

### દિલ્હીમાં જંતરમંતરમાં ખેડુતોની મહાપંચાયતથી ઠેકઠેકાણે ભયંકર ટ્રાફિકજામ : મોદીને વચન યાદ અપાવવા આવ્યા છીએ



નવીદિલ્હી,

અત્રે જંતર મંતર મેદાનમાં ખેડૂતોની મહાપંચાયતમાં ૫ હજારથી વધુ ખેડુતો દિલ્હી આવી પહોંચતા નોઈડા, ચિલ્લા સરહદ પર ૫ કિલોમીટરનો ટ્રાફિક જામ થઈ ગયો છે. બીજી બાજુ પોલીસે સંયુક્ત કિસાન મોરચાને જંતર મંતરમાં મહાપંચાયતની મંજુરી નથી આપી આમ છતાં ખેડુતો દિલ્હી પહોંચી રહ્યાં છે કિસાનોને દિલ્હી પ્રવેશતા રોકવા પોલીસે બેરીકેડ ગોઠવી દેવામાં આવી હતી પરંતુ પ્રદર્શનમાં જઈ રહેલા ખેડુતોએ બેરીકેડ તોડી પાડી છે. પોલીસે ઘણા ખેડુતોની અટકાયત કરી છે. વિવિધ રાજ્યોમાંથી પાંચ હજારથી વધુ ખેડૂતો દિલ્હી પહોંચ્યા છે. આ ખેડૂતો કહી રહ્યા છે. અમે વડાપ્રધાનને તેમનું વચન યાદ કરાવવા આવ્યા છીએ. બીજી બાજુ ગાઝીપુર સરહદે ખેડૂતો ધરણા પર બેઠા છે.ભાકિયુ નેતા રાકેશ ટિકેતની અટક કરી તેમને પરત મોકલાયા છે. સિંધુ બોર્ડર, ગાઝીપુર બોર્ડર પર બેરીકેડ અને ચેકીંગના કારણે લાંબો ટ્રાફિક જામ થયો છે. ખેડૂતોએ લખીમપુર ખીરીના દોષીઓને સખત સજા થાય, ખેડૂતોને અપાયેલા વાયદા પુરા થાય તેવી અમારી માંગ છે.

સંયુક્ત કિશાન મોરચાએ દિલ્હીના જંતર-મંતર મેદાનમાં દેવા માફી ,બેરોજગારી સહીત અલગ અલગ નવ મુદ્દે કિસાન મહાપંચાયત યોજવાનું અહવાન કર્યું છે. આ એક દિવસીય ધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો જેમાં આજે સવારે ૧૧ વાગ્યા થી સાંજે ૪ વાગ્યા સુધી સંપૂર્ણ શાંતિ અને અનુશાસન સાથે ધારણા પ્રદર્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં ખેડૂતો દિલ્હી પહોંચી રહ્યા હતાં જેના કારણે ગાઝિયાબાદથી દિલ્હી જવાના દિલ્હી મેરઠ એક્સપ્રેસ વે પર લાંબો ટ્રાફિક જામ થઈ ગયો છે. આજે જંતર-મંતર ખાતે ખેડૂતોના વિરોધ પ્રદર્શનનું એલાન થતા જ દિલ્હી બોર્ડર પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. પાટનગરમાં પ્રવેશતા વાહનો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

દિલ્હી પોલીસે જંતર-મંતર મેદાન ખાતે કિસાન મહાપંચાયત માટે પરવાનગી આપી ન હતી અને દિલ્હી પોલીસ દ્વારા બહારથી આવતા ખેડૂતોને રાજધાનીમાં પ્રવેશતા રોકવામાં આવી રહ્યા હતાં છતાં ભારે પોલીસ અને સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ખેડૂતો બેરોજગારીનો વિરોધ કરવા જંતર-મંતર પહોંચવા લાગ્યા હતાં દિલ્હીના ગાઝીપુર, સિંઘુ અને ટિકરી બોર્ડરના એન્ટ્રી પોઈન્ટ પર પોલીસે સુરક્ષા વધારી દીધી હતી આ માર્ગ પરથી આવતા દરેક વાહનનું ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું પોલીસનું કહેવું છે કે જે ખેડૂતો દિલ્હી આવ્યા છે તેઓ જંતર-મંતર જઈ શકે છે. પોલીસે એવું પણ જણાવ્યું છે કે જંતર-મંતર ખાતે વધુ સંખ્યામાં લોકો એકઠા થવા દેવામાં નહિ આવે.

નોંધનીય છે કે ગઈકાલે એટલે કે ૨૧મી ઓગસ્ટ રવિવારે જ્યારે ખેડૂત નેતા રાકેશ ટિકૈત) દિલ્હીમાં પ્રવેશ્યા ત્યારે પોલીસે તેમને કસ્ટડીમાં લીધા હતા. આ અંગે રાકેશ ટિકૈતે ટ્વીટ કર્યું હતું કે, 'સરકારના ઈશારે કામ કરતી દિલ્હી પોલીસ ખેડૂતોનો અવાજ નહિ દબાવી શકે. આ ધરપકડ નવી ક્રાંતિ લાવશે. આ સંઘર્ષ છેલ્લા શ્વાસ સુધી ચાલુ રહેશે.'મહાપંચાયતના આયોજન અંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે કોઈ અપ્રિય ઘટનાને ટાળવા માટે ટિકરી બોર્ડર, મુખ્ય રસ્તાઓ, રેલવે ટ્રેક અને મેટ્રો સ્ટેશનો પર ભારે પોલીસ બદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

પ્રદર્શનને ધ્યાનમાં રાખીને રાજધાની દિલ્હીમાં કલમ ૧૪૪ લાગુ કરાઈ હતી આમ છતાં સવારથી જ હરિયાણા, પંજાબ અને ઉત્તર પ્રદેશથી મહાપંચાયતમાં ભાગ લેવા ખેડૂતો દિલ્હી આવી રહ્યા હતાં શાસ્ત્રી પાર્કથી કાશ્મીરી ગેટથી રાજઘાટ તરફ અને તીસ હજારી કોર્ટથી ઘંટાઘર સુધી અનેક કિલોમીટર સુધી ટ્રાફિક જામ સર્જાયો છે. તો કાશ્મીરી ગેટ પાસે ટ્રાફિક જામને કારણે મુસાફરોને લઈ જતી ડીટીસી ઈલેક્ટ્રિક બસે પણ પોતાનો માર્ગ બદલી નાખ્યો હતો. દિલ્હીની સરહદો પર ખેડૂતોને રોકવામાં આવી રહ્યા છે. આથી પ્રદર્શનમાં જઈ રહેલા ખેડૂતોએ બેરિકેડિંગને પાડી દીધા છે. પોલીસે ઘણા ખેડૂતોની અટકાયત કરી છે. ખેડૂતોએ કહ્યું કે તેઓ પીએમ મોદીને તેમના વચનની યાદ અપાવવા આવ્યા છે. જંતર-મંતર ખાતે આ મહાપંચાયતના સમાપન પછી ખેડૂતો વતી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને આવેદન આપવામાં આવ્યું હતું.

## ઓન લાઈન ટેન્ડરીંગ
## જાહેર નિવિદા નં.૧૧, સને.૨૦૨૨-૨૩ (બીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માXમ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર-લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી મકાનના કામના રૂા.૧૦.૮૨ સુધીની કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો http;/rnb.nprocure.com. વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.com ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડીથી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ એફ.ડી.આર. કાર્યપાલક ઈજનેરશ્રી, મહિસાગરને રજુ કરવાના રહેશે.

**ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા.૦૧/૦૯/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીગ (ઓનલાઈન) | તા.૦૨/૦૯/૨૦૨૨ સમય ૧૨.૦૦ કલાક |

કાર્યપાલક ઈજનેર
પંચાયત માXમ વિભાગ,
લુણાવાડા, જી.મહીસાગર

માહિતી/ગોધરા/૪૨૯/૨૦૨૨

# સરકારી વિજળીઓ દૂર ઉપીયોગ કરતા જાગૃત અરજદાર દ્વારા મહીસાગર જિલ્લાના DDO, જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ મુખ્યમંત્રીને લેખિત રજુઆત

લુણાવાડા, ગુજરાત રાજ્ય સરકારના વિકાસ કમિશનરે રાજ્યના વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓ નિયમ કરતા વધુ સગવડો મેળવતા હોવાનું સામે આવતા પરીપત્ર કર્યો હતો. રાજ્યની જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના કર્મચારી અધિકારી ચેમ્બર કે વાહનમાં AC લગાવી સરકારી પૈસે ઠંડી હવા લેવાની ઘટના સામે આવતા નિયમ મુજબ મળતી સુવિધાઓ ઉપરાંતની સુવિધા ૧૫ દિવસમાં પરત કરવા સૂચના અપાઈ હતી. આવી બાબતોમાં મુખ્ય સગવડ એ.સી. ચેમ્બર અને એ.સી. વાહનની છે. પ્રસંગોપાત એવું પણ ધ્યાન પર આવેલ છે કે વિવાદ ઉભો ના થાય તેથી અધિકારી આવી સગવડો સ્વખર્ચે ઉભી કરાવે છે. પરંતુ તેના કારણે વધારાનું વીજળી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

બિલ અને પેટ્રોલડીઝલ નો ખર્ચ સરકાર ઉપર જ આવે છે. સૌથી અગત્યની વાત એ છે કે, જે અધિકારીને જે સગવડો મળવા પાત્ર ના હોય તે સગવડો તે ભોગવી શકે નહીં. આથી તમામ જિલ્લા વિકાસ અધિકારીની સૂચના આપવામાં આવી હતી કે આગામી ૧૫ દિવસમાં તેમના જીલ્લામાં પંચાયત તંત્રના તમામ અધિકારીઓની ચેમ્બર, એન્ટી ચેમ્બર અને સરકારી વાહનમાં એ.સી. ફીટ કરાવેલ હોય તો તે તાત્કાલિક દુર કરવા જણાવ્યું હતું પરંતુ આ પરિપત્રને વે વર્ષ થયાં તેમ છતાં મહીસાગર જિલ્લામાં અમલવારી થઈ જ નથી જે જાગૃત અરજદારે અરજી કરતા પેસ્ટપણે દેખાઈ રહ્યું છે.

લુણાવાડા તાલુકાના ઉંદરા PHC ના ડોકટર રવિ શેઠની ઓફિસમાં પાછલા કેટલાય વર્ષોથી AC લગાવેલ છે જેનું દર મહિને હજારો રૂપિયા લાઈટ બીલ સરકારી ખર્ચે ભરાય છે. જેથી આ ખર્ચો પ્રજાને માથે ટેક્ષ સ્વરૂપે આવે છે અને સરકાર દ્વારા AC લગાવવાની પરમિશન આપવામાં આવી નથી. જેથી આ PCH ના ડોકટરની ઓફીસ માંથી તાત્કાલિક અઈ દૂર કરવું તેમજ AC ની ખરીદી કયા હેડે થઈ છે. તેની યોગ્ય તાપસ કરવા જાગૃત અરજદાર દ્વાર મહીસાગર જિલ્લાના DDO, જિલ્લા આરોગ્ય અધિકારી તેમ મુખ્યમંત્રી ને લેખિત રજુઆત કરવામાં આવી હતી.

# સંતરામપુરના સાતકુંડા ગામ નજીક ધોધ શરૂ થતાં લોકો ઉમટી પડયા

સંતરામપુર, સંતરામપુર તાલુકાના સાતકુંડા ગામ નજીક આવેલ મહાદેવ મંદીર ખાતે પાણી નો ધોધ ચાલુ થતા દર્શનાર્થીઓ ઉમટી પડયા.

સાતકુંડા મહાદેવ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદની શરૂઆત થતા ધોધની મજા માણવા સહેલાણીઓ ઉમટી પડ્યા છે.

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના સાતકુંડા ગામ નજીક આવેલા સાતકુંડા મહાદેવ મંદિરની બાજુમાં સાતકુંડ આવેલા છે. તેના પરથી ગામનું નામ સાતકુંડા રાખવામાં આવેલ છે અને બારે માસ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

મંદિર પાસે આવેલ મુખ્ય કુંડમાં પાણી સુકાતું નથી.

સંતરામપુર, લુણાવાડા અને શહેરા થી ૨૫ કિલોમીટર દુર આવેલા આ સાતકુંડા મહાદેવનું મદિર પત્થરની ગુફામાં આવેલું છે અને વર્ષો જૂનું પૌરાણીક મંદિર માનવામાં આવે છે. અહીંના લોકોનુ કહેવુ છે કે, જો કોઈ માતાને ધાવણ ના આવતું હોય તો આ કુંડમાં બ્લાઉ પલાળીને માનતા રાખતા હોય તો તે મનોકામના ભગવાન શિવ પુર્ણ કરે છે.

અહી સાતકુંડા ખાતે દર વર્ષે આમલી અગિયારસના દિવસે મેળો પણ ભરાય છે અને આ કુદરતી ડુંગરની હારમાળામાં વિકશેલું આ સાતકુંડા મહાદેવ મંદિરને હવે સરકાર દ્વારા પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા આવી રહ્યુ છે.

# ચિતન પટેલ બીજી વાર મધવાસ મહીસાગર રોટરી ક્લબના પ્રમુખ બન્યા



લુણાવાડા, મહીસાગર જિલ્લાના મધવાસ ગામ ખાતે રોટરી કલબ ઓફ મધવાસ મહીસાગરનો બીજો શપથ ગ્રહણ સમારંભ ડિસ્ટ્રિક ગવર્નર જિનેન્દ્ર જૈનના સાનિધ્યમાં સમાજ ઘર, મધવાસ ખાતે યોજાયો. કાર્યક્રમનો પ્રારંભ મહેમાનો દ્વારા દીપ પ્રગટાવી કરાયો હતો. ઉપસ્થિત મહેમાનોનું ખેસ,શાલ અને સ્મૃતિ ભેટ દ્વારા સ્વાગત કરાયું હતું. ડિસ્ટ્રિક કોમ્પુટર ચેર પર્સન સરજિવ પટેલે પ્રમુખ ચિતન પટેલ, મંત્રી રમણલાલ પટેલ અને રોટરી સદસ્યોને શપથ લેવડાવ્યા, સાથો-સાથ તેઓના પ્રાસંગિક પ્રવચનમાં રોટરી શું છે ? તેની વિસ્તૃત જાણકારી આપી હતી. ડિસ્ટ્રિક ગવર્નર જીનેન્દ્ર જૈને રોટરી ક્લબ દ્વારા મળતી સેવાકીય લાભોની જાણકારી આપી રોટરી ક્લબમાં વધુ ને વધુ લોકો જોડાય તે માટે અનુરોધ કર્યો હતો.

રોટરી ક્લબના પ્રમુખે ગત વર્ષમાં કરેલ સેવાકિય કાર્યોની જાણકારી આપી હતી. રોટરી ક્લબના પદાધિકારીઓ સહાયક ગવર્નર શાંતિલાલ પટેલ, અરવિંદભાઈ સિસોદિયા, ડિસ્ટ્રિક નોટબુક વિતરણ ચેરમેન અજય જૈન, ડિસ્ટ્રિક સાર્જન્ટ આર્મ રાકેશ બામોરિયા, રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદ, રોટરી કલબ ઓફ દાહોદ, રોટરી કલબ ઓફ ડેરોલના સદસ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

કાર્યક્રમનું આકર્ષિત સંચાલન, વ્યવસ્થા જયેન્દ્ર વૈરાગી અને હીરાલાલ સોલંકી દ્વારા કરાયું હતું. કાર્યક્રમનું સમાપન કલબના મંત્રી રાકેશભાઈ પટેલ દ્વારા આભાર વ્યક્ત કરી કરાયું હતું.

# સંતરામપુર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્થાપના દિન નિમિત્તે કાર્યક્રમ યોજાયો



સંતરામપુર, વિશ્વ હિન્દુ પરિષદ સંતરામપુર પ્રખંડ દ્વારા આયોજિત વિશ્વ હિન્દુ પરિષદ સ્થાપના દિન નિમિત્તે સંગઠનના કાર્યક્રમમાં સેવા વિભાગ તોડીના કે.જી. પટેલ અને વિભાગ સંગઠન મંત્રી રામભાઈ ભરવાડ, મહિસાગર જિલ્લા સહ મંત્રી જેકીભાઈ ભોઈ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના જિલ્લા કાર્યવાહ સુરેશભાઈ સંઘાડા, વિશ્વ હિન્દુ પરિષદ સંતરામપુર પ્રખન્ડ અધ્યક્ષ તારૂભાઈ વીસપડા, વિશ્વ હિન્દુ પરિષદ સંતરામપુર નગરના અધ્યક્ષ તુષારભાઈ ડામોર, વિશ્વ હિન્દુ પરિષદ સંતરામપુર મંત્રી સંજયભાઈ ભાવેશભાઈ ભોઈ બજરંગ દળના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા.

સંતરામપુર ધારાસભ્ય અને મંત્રી કુબેરભાઈ ડીંડોર, બાંધકામ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ કટારા, ઉપસ્થિત રહી અને કાર્યક્રમમાં રાષ્ટ્રધર્મ ભાવના સમજી સહભાગી થયા.

# ખાનપુર બાકોર પોલીસે રાજસ્થાન પરિવહનની ST બસમાં લઈ જવાતા દારૂ સાથે ઈસમને ઝડપ્યો

ખાનપુર, મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બાકોર પોલીસ ને અંગત બતમીદાર પાસેથી બાતમી મળેલ કે, રાજસ્થાન રાજયના બ્યાવર ડેપોની રાજસ્થાન રાજ્યના જયપુરથી ગુજરાત રાજ્યના વડોદરા જતી રાજસ્થાન પરિવહનની સરકારી બસ નં.Rj 09 PA 4999 નીમા એક ઈસમ પેસેન્જરના સ્વાંગમાં વિદેશી દારૂ સાથે બરોડા તરફ જનાર છે. જે બાતમીના આધારે બાબલીયા ચોકડી ઉપર વોચ રાખી તપાસ તે દરમિયાન કલાક ૧.૩૦ વાગે બાતમી મુજબની બસ આવતા તેને ઉભી રાખવા ઈશારો કરતા બસના ચાલકે બસ ઉભી રાખી બસમાં જઈ ચેક



કરતા બસમાં છેલ્લી સીટ આગળ બે પ્લાસ્ટિકના થેલાઓમાં વજનદાર વજન ભરેલો હોય જે પ્લાસ્ટિકના થેલામાં ખોલી જોતા ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂના પાઉચ ભરેલી હોય જેથી બસની છેલ્લી સીટ ઉપર બેસીએ પેસેન્જરને આ થેલાઓ કોની માલિકીના હોવાનું પૂછતા સીટ પર બેસેલ ઈસમ આ ઈંગ્લિશ દારૂ ભરેલ પ્લાસ્ટિકના થેલા પોતાના જ હોવાનું જણાવેલ જેથી સદર ઈસમનું નામ કામ પૂછતા પોતે એનું નામ શંકર કુમાર તુલસીદાસ કુંભાર રહે. સેમડ કુભારો કી ભાગલ તા,ગોગુદા જી, ઉદેપુર રાજસ્થાનનો હોવાનું જણાવેલ છે. જેથી સદર ઈસમને ઈંગ્લિશ દારૂના પ્લાસ્ટિકના થેલા સાથે બસમાંથી નીચે ઉતારી જોતા વિદેશી દારૂના રોયલ ક્લાસીક વ્હીસ્કી ૧૮૦ મિલીના ઈંગ્લિશ દારૂના છૂટા પાઉચ નંગ ૧૯૮ કિંમત રૂ.૧૩,૮૬૦/- તેમજ રૂ. ૫૦૦ નો મોબાઈલ ફોન જેમ કુલ મળી રૂ.૧૪૩૬૦ મુદ્દામાલ જપ્ત કરી બાકોર પોલીસે વધુ તપાસ હાથધરી હતી.

# મહીસાગર જિલ્લા કલેકટરના નામના ફેક ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના એકાઉન્ટથી સતર્ક રહેવા કલેકટરની અપીલ

લુણાવાડા, સાઈબર અપરાધિઓ દ્વારા અનેક વાર સોશિયલ મીડિયા પરના એકાઉન્ટ હેક કરવામાં આવે છે. તો ઘણીવાર ફેસબુક ઈન્સ્ટાગ્રામ જેવા એકાઉન્ટ ફેક બનાવીને પણ તેનો દુર ઉપયોગ કરવામાં આવતો હોય છે. ત્યારે આવીજ એક ઘટના મહીસાગર જિલ્લાના કલેકટર સાથે બની છે. મહીસાગર જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમારના નામનું ફેક ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બાબતે લોકોને સતર્ક રહેવા અપીલ કરી છે. જો કોઈ કલેકટરના ફેક એકાઉન્ટ પરથી પૈસાની માંગણી કરે તો કોઈ પણ પ્રકારની લેવડ દેવડ ન કરવા લોકોને અપીલ કરવામાં આવી છે. આવા ફેક એકાઉન્ટને લઈ લોકોને સતર્ક રહેવા કલેકટરે ટ્વીટર પર વીડિયો પોસ્ટ કરીને અપીલ કરી છે કે, કોઈ પણ વ્યક્તિને કલેકટરના નામના ફેક એકાઉન્ટથી કોઈ પણ પૈસાની માંગણી કરતો કે કોઈ મેસેજ આવે તો તેમને જાણ કરવા માટે પણ અપીલ કરી છે. ફેક એકાઉન્ટને લઈ જિલ્લા કલેકટર દ્વારા સાયબર ક્રાઈમને પણ જાણ કરવામાં આવી છે અને તેમના ફેક એકાઉન્ટ અત્યારે બ્લોક પણ કરી દેવામાં આવ્યા છે. તેવું તેઓએ વીડિયોમાં જણાવ્યું છે.

# સંતરામપુર પોલીસે ત્રણ ઘરફોડ ચોરોને ઝડપ્યા

સંતરામપુર, સંતરામપુર નગરમાં ચોરીના બનાવો છેલ્લા ઘણા સમયથી વધતા અને તસ્કરો બંધ મકાનોના તાળા તોડી ચોરીની ઘટનાને લઈને સંતરામપુર પોલીસે સઘન પેટ્રોલિંગ હાથ ધર્યુ હતુ. પેટ્રોલિંગ દરમિયાનમાં નર્સિંગપુર કોલેજ રોડ વિસ્તાર પાસેથી ૩ અજાણ્યા બાઈક લઈને પસાર થતાં હતા. પોલીસે ઉભી રાખીને પુછપરછ કરતા પોલીસને શક થતાં ત્રણ જણાને સંતરામપુર પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા. વધુ તપાસ હાથ ધરાવતા તપાસમાં તેઓએ કોઠંબા, સંતરામપુર અને કડાણા ૩ તાલુકામાં ચોરીના ગુનામાં સંડોવણી હોવાનુ બહાર આવ્યુ હતુ. તેઓએ કોઠંબામાં ૪ જગ્યાએ, કડાણામાં ૫ જગ્યાએ, અને સંતરામપુરમાં એક જગ્યાએ મકાનના તાળા તોડીને ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પોલીસે નંબર પ્લેટ વગરની ચોરીની બાઈક કબ્જે કરી મીનેશભાઈ વિરાભાઈ ભાભોર, મનુભાઈ વિરાભાઈ ભાભોર, તથા પ્રવિણ દિનેશ તાવિયાડની અટકાયત કરી હતી. પોલીસે તેઓની પાસેથી ચોરી કરવાના સાધનો લોખંડના સળિયાનુ બનાવેલુ હથિયાર અને ડીસમીસ કબ્જે લીધુ હતુ.

# વડોદરા અમીતનગર સર્કલ પાસે વાહનની અડફેટે ઘોઘંબાના બાઈક સવારનું મોત

વડોદરા, પંચમહાલના ઘોઘંબા ખાતે યશ પેટ્રોલપંપની બાજુમાં પરિવાર સાથે રહેતા ૨૭ વર્ષિય હેતુલકુમાર ફતેસિંહભાઈ પટેલ વડોદરા અંગત કામ અર્થે આવ્યા હતા. વડોદરામાં કામ પતાવીને હેતુલકુમાર ઘોઘંબા જવા માટે નીકળ્યા હતા. ત્યારે અમીતનગર સર્કલથી એરપોર્ટ સર્કલ તરફ જતી વખતે પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલા અજાણ્યા વાહન ચાલકે હેતુલકુમારની બાઈકને અડફેટે લીધી હતી. જેથી હેતુલકુમાર રસ્તાની વચ્ચેના ડિવાઈડર સાથે અથડાતા તેમનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. મોડીરાત હોવાથી અંધારાને લઈ હેતુલકુમારનો મૃતદેહ અને બાઈક રસ્તાની વચ્ચોવચ પડી રહ્યા હતા. જેને કારણે કારેલીબાગ રાત્રિબજારથી જમીને સિકંદરપુરા જઈ રહેલા દિલીપભાઈ ભુતપભાઈ ભાલીયા અને વિવેકભાઈ મનુભાઈ ઠાકોર હેતુલકુમારની બાઈક સાથે અથડાયા હતા. જેથી તેઓને પણ શારીરિક ઈજાઓ થતાં બંને યુવાનોને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખાસેડવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાની જાણ હરણી પોલીસ મથકે કરાતા પોલીસે આ અંગે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# નર્મદાબેન બામણીયા ગુમ થયેલ છે

સંતરામપુર, નર્મદાબેન રમેશભાઈ બામણીયા ઉ.વ.૧૮ રહે. ઉબેર બામણીયા ફળીયુ, તા.સંતરામપુર, જી.મહિસાગરના તા.૧૫-૦૮-૨૦૨૨ના રોજ ૨૧/૦૦ કલાકે કોઈને કહયા વગર કયાક ચાલી જઈ ગુમ થયેલ હોય જેઓની સગાસબંધીમાં તથા આજુબાજુ તપાસ કરતાં મળી આવેલ નથી. નર્મદાબેન શરીરે પતળો બાંધો, રંગે ઘઉ વણેન ઉચાઈ ૫.૫ ફુટ,વાળનો રંગ કાળો, આંખનો રંગ કાળો,ચહેરો ગોરો, તે શરીરે ટી-શર્ટ અને લેંગીસ પહેરેલ છે. તે ગુજરાતી ભાષા જાણે છે. જેઓની તપાસ કરી કરાવડાવી મળી આવતા સંતરામપુર પો.સ્ટે.ટેલીફોન નંબર ૨૦૨૬૭૫-૨૨૦૧૩૮ ઉપર સંપર્ક કરવો. તેમ પો.સબ.ઈન્સ.મીસીંગ સેલ મહિસાગર-લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ગોધરાના ચિખોદ્રા નોંધ-૨ વાળી જમીનમાં બની બેઠેલા બોગસ ખેડુતોની તપાસ થાય તેવી માંગ

ગોધરા, ગોધરા તાલુકાના ચિખોદ્રાની નોંધ નં.૨ના બોગસ ખેડુતો બનેલ જે રામજી મંદિરની પોતાની માલિકી મિલ્કતોમાં લઘુમતી કોમના ઈસમો બોગસ ખેડુતો બની બેઠા છે અને તેમ આગળ પડતા જે પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ સાથે વર્ષોથી સાંઠગાંઠ ધરાવતા ઈસમો દ્વારા મોટા પ્રમાણની રામજી મંદિરની જમીનો પોતાની (બાપ-દાદા)ની મિલ્કતો હોય તેવું કાયદા વિરૂદ્ધ તથા ચેરીટી કમિશ્નરોને તથા રામજી મંદિરના વહીવટદારોને કોઈપણ જાતની જાણ કે સંમતિ વગર કાયદા વિરૂદ્ધ મહેસુલી વિભાગ તરફ થી અનેક પ્રકારના હુકમો કરી કરાવી દાનની મિલ્કતો થી બોગસ ખેડુતો બની બેઠા છે અને અનેક પ્રકારના ભળતા નામો તથા અનેક પ્રકારના સુધારા હુકમ તથા એન.એ. તથા મોટા મોટા ઉદ્યોગો રામજી મંદિરની નોંધ નં.૨ છુપાવી તેમજ ઓનલાઈન હોવા છતાં ઓનલાઈન નહી મુકી અનેક પ્રકારની રેવન્યુ રેકર્ડ છુપાવી સરકારી પંચમહાલ જીલ્લાના કર્મચારીઓએ ઉપલા અધિકારીઓની જાણ બહાર અનેક પ્રકારની રેકર્ડમાં ગેરરીતિઓ આચરેલ છે. જે તપાસ થાય તો પંચમહાલમાં ૧૫૩૫ ખેડુતો પાસેથી સહાય પેટેના કરોડોનો ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે. તેમજ લઘુમતી કોમના મૂળના ખેડુતો છે કે, તે પણ બહાર આવે તેમ છે. લોકો બોગસ ખેડુતો બનેલાના કિસ્સાઓ ખોટી રીતે તેમના દાદા, પરદાવા હિન્દુસ્તાન છોડી પાકિસ્તાન ચાલ્યા ગયા છે. તેમ છતાં પંચમહાલ જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા કોઈપણ રેકર્ડ રૂલ્સ તથા વહીવટી અધિકાર પરત્વે કોઈ કાર્યવાહી થતી નથી અને મંદિરો, મસ્જીદો, નવી શરતની જમીનો ૭૩ એ.એ. વિગેરે વાળી મિલ્કતો બાબતે તથા મંજુર કરનાર સર્કલ ઓફિસર-તકરારી કેસો ચલાવનારા પ્રાંત અધિકારી ગોધરાના કર્મચારીઓ તથા આર.ટી.એસ. અપીલ જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા વિગેરે મહેસુલી પંચમહાલ જીલ્લા ગોધરા તરફ થી કોઈપણ ભરતા નામો તથા બોગસ ખેડુતો બનેલની વિગતો તપાસ કરી કરવામાં આવતી નથી અને બોગસ ખેડુતો દ્વારા ભળતા નામો અંગે ઉપલા અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવતું નથી. જેથી સરકારશ્રીને કરોડો, ખરબોનું નુકશાન થાય છે. જેથી બોગસ બની બેઠેલા ખેડુતોની તપાસ મહેસુલ વિભાગ દ્વારા રામજી મંદિર થી ખેડુતો બની બેઠેલાની તટસ્થ તપાસ થાય તો મોટા પ્રમાણમાં બોગસ ખેડુતો પંચમહાલ જીલ્લા માંથી મળી આવે તેમ છે અને ગેરકાયદેસર ગરીબ ખેડુતોની સહાય લેનારાના તેમજ બોગસ ખેડુતો બનનારના અનેક કિસ્સાઓ મોજે ચિખોદ્રાની નોંધ નં.૨ થી મળી આવે તેમ છે. તેમજ આ દાનની રામજી મંદિર મુળ જુની શરતની નહી હોવા છતાં ખોટા કાયદા વિરૂદ્ધ કરેલા હુકમો કયા કયા કર્મચારીઓ તથા અધિકારીઓ દ્વારા થયા તે પણ તપાસ થાય તો કાયદાની અવગણના કરનાર તમામ કર્મચારીઓ, અધિકારીઓ પંચમહાલ જીલ્લા ગોધરાના પાસે થી કાયદાકીય ગેરરીતિઓ વહીવટદારો કરેલ બાબતે નામ જોગ તેઓની પાસે તેઓની મિલ્કતો તથા બેંક લોકરો સગા સંબંધીઓના તપાસ કરી કરાવવામાં આવે તો અને ખોટા રામજી મંદિર, મસ્જીદો તથા અન્ય પ્રકારની ગેરરીતિઓ તપાસવામાં આવે તો સરકારશ્રી વહીવટદારોની રેકર્ડી ગેરરીતિઓના પર્દાફાશ થાય તેમ છે. આમ, રામજી મંદિરની કેટલીક જમીનો સરકારશ્રી ઉપર ભુમાફિયા લઘુમતી કોમના ઈસમો અનેક પ્રકારની ગંદી નીતિ નિયમો વિરૂદ્ધની ચાલો ચાલી રહ્યા છીએ અને રામજી મંદિરના વહીવટદારોની જાણ બહાર પંચમહાલ જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓ મોટી મોટી લાંચો આપી ખરબો, કરોડોની નોંધ નં.૨ નું કોઈપણ જાતનું ધ્યાન દોર્યા વગર અનેક પ્રકારના ના થાય તેવા કાયદા તથા સરકારશ્રીના આદેશો વિરૂદ્ધના લઘુમતી કોમના ઈસમો ગરબડ ગોટાળા કરી કરાવી રહ્યા છે. જો રામજી મંદિરની મિલ્કતો થી કોઈ ખેડુતો બની શકે નહી. કારણ કે, ધર્માદા દાની અને નવી શરતની જમીનો આવેલી છે. જેથી રામજી મંદિરના આધારા પુરાવા ખેડુત તરીકે માન્ય રાખ્ય નહી તેવી હિન્દુ સમાજ દ્વારા અનેક પ્રકારની રામજી મંદિરની જમીનો પરત મળે તથા બોગસ બની બનાવેલ ખેડુતો દુર થાય તેવી આશાઓ છે. હિન્દુ સમાજ પોતાની માલિકી મિલ્કતો બાબતે હકક અધિકાર ગુજરાત સરકાર પાસે માંગે છે અને હિન્દુ મુસ્લીમ વિગેરે કોમના ભાઈઓથી કોઈ વેરઝેર નથી. ફકત અમારી માલિકી મિલ્કતોની અમારી મંત્રી મહેસુલ તથા તેમના મહેસુલી અધિકારીઓની કાયદા મુજબ કાર્યવાહી કરી કરાવવાની માંગ છે.

# પંચમહાલ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુતોને આઈ-ખેડુત પોર્ટલ થકી સહાયનો લાભ લેવા અનુરોધ

ગોધરા, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે બાગાયત ખાતાની કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજના(એચ.આર.ટી.-૨,૩,૪) ઘટકમાં ઓનલાઈન અરજી કરવા માટે આઈ-ખેડુત પોર્ટલ (https://ikhedut. gujarat. gov.in) તા.૦૪/૦૮/૨૦૨૨ થી ૦૩/૦૯/૨૦૨૨ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ વ્યકતિગત ખેડુત તથા ખેતી લાયક જમીન ધારણ કરેલ રજીસ્ટર્ડ ટ્રસ્ટ માટે ઓછામાં ઓછા ૨.૦૦ હે તથા મહત્તમ ૪.૦૦ હેકટરની મર્યાદામાં તેમજ OO,FPO, FPC, સહકારી મંડળીના સભાસદોના કિસ્સામાં ઓછામાં ઓછા ૨.૦૦ હે. તથા મહત્તમ ૫૦.૦૦ હે. સુધીના વાવેતર માટે સહાય આપવામાં આવશે. તેમજ બહુ વર્ષાયુ ફળઝાડના વાવેતર ઘટક સાથે પિયતના સાધનો, બાગાયત યાંત્રીકરણ, બાગાયતી માળખાકીય સુવિધાઓ, વર્મી કંમ્પોસ્ટ યુનિટ, GAP CERTIFICATION, પ્લાસ્ટીક આવરણ પૈકીના ઓછામાં ઓછા અન્ય બે ઘટકો નો પ્રોજેક્ટમાં સમાવેશ કરી અમલ કરવાનો રહેશે તથા FPO, FPC તથા સહકારી મંડળીના સભાસદો આ કાર્યક્રમ હેઠળ ઓછામાં ઓછા પાંચ ખેડૂત લાભાર્થીઓનો પ્રોજેક્ટમાં સમાવેશ કરી પ્રોજેક્ટ રજુ કરવાનો રહેશે. આજે ખેડુતમિત્રો બાગાયત ખાતાની આ સહાય યોજનામાં લાભ લેવા માંગતા હોય તેઓએ ઉપરોક્ત જણાવેલ સમયગાળા દરમ્યાન ગામના ઈ-ગ્રામ કેન્દ્ર અથવા ખાનગી ઈન્ટરનેટ સોર્સ મારફત પોતાના ૮-અ, ૭ અને ૧૨ નકલ, આધારકાર્ડ તથા ચાલુ બેંક ખાતાની વિગત સાથે લઈ જઈને લાભ લેવા માંગતા ઘટક હેઠળ સમયસર અરજી કરવી તથા અરજી કર્યા બાદ અરજીની કોપી અને ઉપર જણાવેલ સાધનીક કાગળો અરજી કર્યા બાદ દીન-૭ માં નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નં.૯-૧૨, જીલ્લા સેવા સદન-૨, બીજો માળ, ગોધરા જિ. પંચમહાલ, (ફોન.નં.૦૨૬૭૨-૨૪૦૦૩૯) એ રૂબરૂ અથવા ટપાલથી જમા કરાવવા નાયબ બાગાયત નિયામક ગોધરા, જિ. પંચમહાલ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# આપની આજ.......

મેષ : આજે તમે જે પણ કાર્ય ઉત્સાહથી કરશો, તમને ચોક્કસ સફળતા મળશે. બપોર પછી તમામ કામ પૂરા થતાં જોવામાં આવશે. લાંબા સમયથી બાકી રહેલા પૈસા મળી શકે છે.

વૃષભ : આજે તમારે ઓફિસમાં ઘણું કામ કરવું પડશે. ભાગદોડ પછી તમને ચોક્કસ લાભ મળશે. તમારી પ્રતિભામાં વિશ્વાસ રાખો અને યાદ રાખો કે કંઈક મેળવવા માટે દેખાડો કરવાની જરૂર નથી.

મિથુન : ઓફિસના સાથીઓ તમારી ટીમવર્કની ભાવનાને ખૂબ સારી રીતે સમજી શકશે અને તમારી મદદ માટે આગળ આવશે. ઘણાં સમયથી ચાલી રહેલા કાયદાકીય વિવાદો અને ઝઘડાઓ આજે સમાપ્ત થઈ શકે છે.

કર્ક : તમારા વિચારોને અમલમાં મૂકવાની તક મળશે. રાજકારણમાં સક્રિયપણે ભાગ લેશે. કોઈ ખાસ વ્યક્તિને લીધે સાંજે ખર્ચા થઈ શકે છે. આજે કોઈની સાથે બહાર જવું પડી શકે છે.

સિંહ : આજે તમારા પ્રયત્નો ફળ આપશે. તમને દરેક કાર્યમાં સફળતા મળશે. ધંધામાં વૃદ્ધિની તકો ઉભરી આવશે. ઘરના દરેકનું સ્વાસ્થ્ય સારું રહેશે. હૃદય અને મનનું સંતુલન સફળતા તરફ દોરી જશે.

કન્યા : દિવસ ધીમો શરૂ થશે. સવારે જે ચીજોની તમે થોડી ચિંતા કરશો તે બપોર પછી તમને ખુશી આપે છે. ઓફિસમાં પોતાનું સ્થાન બનાવવા માટે તમારે ચતુરતાથી કામ કરવું પડશે.

તુલા : આજે નાણા સંબંધિત નિર્ણયો લેશો. હવે પછીના બે-ત્રણ દિવસમાં તમારી પાસે સમય ઓછો રહેશે. જો આજે કોઈ નવું કાર્ય હોય તો તે મુલતવી રાખો. કોઈપણ બિઝનેસમાં રોકાણ કરવાનું ટાળો.

વૃશ્ચિક : આજે તમને લાભ થશે. કાર્યમાં આવતી અડચણો દૂર થશે, સફળતાની સંભાવના છે. તમે સવારથી જ કોઈ સારા સમાચારની રાહ જોશો. આ પ્રતીક્ષા સાંજ સુધીમાં પૂર્ણ થવાનો યોગ છે. આસપાસ મુસાફરી કરવી પડશે.

ધનુ : સર્જનાત્મક કાર્ય પ્રત્યે રુચિ વધશે. અહીં અને ત્યાં વાત કરવાને બદલે તમે તમારા શોખ વિશે વિચારશો. તમે આ દ્વારા થોડી કમાણી પણ કરી શકો છો. પૈસાની સમસ્યા આવશે પણ તે સાંજ સુધીમાં દૂર થઈ જશે.

મકર : દિવસનો મોટાભાગનો ભાગ દૈનિક ઘરના કામકાજને સંભાળવામાં પસાર થશે, પરંતુ એક પછી એક તમે તમારા કાર્યોને સંભાળવાનું શરૂ કરશો, અંતે તમને ઘણો સંતોષ મળશે. યાદ રાખો, સંતોષ મેળવવો એ સૌથી મોટી સિદ્ધિ છે.

કુંભ : આજે તમારે ઓફિસમાં સખત મહેનત કરવી પડશે. પરિવારના સભ્યોએ ચિંતા કરવાની જરૂર નથી. પ્રમોશન અથવા પગાર વધારાની વાત થઈ શકે છે. વ્યવહારમાં સાવચેત રહો, પૈસાના રોકાણ દરમિયાન ખાસ કાળજી લેશો.

મીન : આજે આધ્યાત્મિકતા અને ધ્યાનમાં રુચિ રહેશે. ધાર્મિક સ્થળની યાત્રાની યોજના થઈ શકે છે. કોઈપણ બૌદ્ધિક કાર્યમાં તમને સફળતા મળી શકે છે. નવી ડીલ તમારી શરતો પર ફાઈનલ થઈ શકે છે. પરંતુ ધ્યાનમાં રાખો કે તેનો કોઈ સાથે ઉલ્લેખ ના કરો.

# ગરબાડાના ભાભરા ચોકડી પાસે ઈંગ્લીશ દારૂ લઈ રાજકોટ જતાં ત્રણ ઈસમોને LCB પોલીસે ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા નગરની ભાભરા ચોકડી પર મધ્ય પ્રદેશના ઠેકા પરથી વિદેશી દારૂનો જથ્થો ભરી રાજકોટ તરફ જતા ત્રણ યુવકોને દાહોદ એલસીબી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ઝડપી પાડ્યો હતો. મધ્યપ્રદેશ બોર્ડરથી ગુજરાતમાં વિદેશી દારૂ લઈ જતા રાજકોટના બે તેમજ એક મધ્યપ્રદેશનો મળી કુલ ત્રણ યુવકો એલસીબીના સાથે ઝડપાઈ જતા સ્થાનિક પોલીસની કામગીરી સામે પ્રશ્નાર્થ ઊભા થઈ રહ્યા છે.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પૂરતી સીમિત હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. દાહોદ જિલ્લામાં મધ્યપ્રદેશ રાજસ્થાન બોર્ડરથી બુટલેગર તત્વો વિદેશી દારૂ ને ગુજરાતમાં ઠાલવી ગુજરાતના યુવાઓને નશાના ગર્તામાં ધકેલવાનો પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે વિદેશી દારૂની બંધીને કડક રીતે ડામી દેવા માટે દાહોદ જિલ્લા પોલીસ પણ સક્રિય બની અવારનવાર વિદેશી દારૂના જથ્થા ઝડપી પાડતી હોય છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં સ્થાનિક પોલીસની બિન અસરકારક તેમજ ઢીલી નીતિના કારણે બુટલેગર તત્વોને વિદેશી દારની હેરફેર માટે મોકળું મેદાન મળતુ હોય છે તે પણ એક વાસ્તવિકતા છે. તેવું જ કંઈક ગરબાડામાં પ્રતિત થઈ રહ્યું છે.

રાજકોટના પારડીના રાકેશ હરસોડ, શાપર વેરાવળના ભરત પરમાર, તેમજ મધ્યપ્રદેશના ડુંગલા વાણીના માજુ બિલવાલ મધ્યપ્રદેશના સેજાવાડા ખાતે આવેલા વિદેશી દારૂના ઠેકા કા ઉપરથી થેલાઓમાં વિદેશી દારૂનો જથ્થો ભરી રાજકોટ જવા માટે સેજાવાડાથી ગરબાડા તાલુકાની ભાભરા ચોકડી ઉપર આવ્યા હતા. તેઓ રાજકોટ તરફ રવાના થાય તે પહેલા જ પેટ્રોલિંગમાં નીકળેલી દાહોદ એલસીબી પોલીસે ઉપરોક્ત ત્રણેય યુવકોને ઝડપી થેલાઓની તલાસી લેતા તેમાંથી ૪૦,૮૯૮ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા દાહોદ એલસીબી પોલીસે મુદ્દા માલ સાથે ત્રણેય યુવકોની અટકાયત કરી પ્રોહિબિશન અંગેનો ગુનો દાખલ કરવા માટે ગરબાડા પોલીસ મથકે સુપ્રત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત બુટલેગરોની જેમ હજી કેટલાય બુટલેગરો મધ્યપ્રદેશ બોર્ડરથી અલગ અલગ કિમીયા અજમાવી વિદેશી દારૂનો વેપલો કરી રહ્યા છે..? એક મોટો સવાલ છે. આવા બનાવોમાં સ્થાનિક પોલીસથી આવા પ્રકારના બુટલેગરોને ઝડપી પાડવામાં ચુક કેવી રીતે થાય છે.? દાહોદ લોકલ કાઈમ બ્રાન્ચ પેટ્રોલિંગ દરમિયાન વિદેશી દારૂ ઝડપી પાડતી હોય તો ગરબાડા પોલીસ ને પેટ્રોલિંગ દરમિયાન આવા બુટલેગર તત્વો કેમ છટકી જાય છે. શું સ્થાનિક પોલીસના બાતમીદારોનું નેટવર્ક નબળું થઈ રહ્યું છે.તેવા ઘણા બધા સવાલો ગરબાડા સહિત પંથકના અંતરંગ વર્તુળોમાં ચર્ચાઈ રહ્યા છે.હાલ ઉપરોક્ત મામલે ગરબાડા પોલીસે ત્રણેય બુટલેગરો વિરૂદ્ધ પ્રોબિશનનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# સિંગવડમાં આરોગ્ય સુવિધાઓ વધુ સુદ્રઢ બની : પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના ખાતમુહૂર્ત

દાહોદ,

દાહોદના સિંગવડ ખાતે સાંસદ જસવંતસિંહ ભાભોરે આજે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ કર્યા હતા. સિંગવડના પતંગડી ખાતે રૂ. ૧.૦૩ કરોડના ખર્ચે તૈયાર થનાર આરોગ્યકેન્દ્રનું ખાતમુહૂર્ત કરી કામગીરીનો પ્રારંભ કરાવ્યો હતો. જયારે અહીંના છાપરવડ ખાતે ૧.૧૦ કરોડના ખર્ચે નિર્મિત નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું. તેમણે જિલ્લામાં આરોગ્ય સુવિધાઓ વધુને વધુ સુદ્રઢ કરવા માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.



જિલ્લામાં છેવાડાના દરેક માનવી સુધી આરોગ્ય સુવિધાઓનો લાભ મળતો થયો છે. સ્થાનિક સ્તરે આરોગ્ય સુવિધાઓ મળતા લોકોને મોટી રાહત મળી છે અને ઈલાજ માટે બહાર જવાનું ટળ્યું છે. સરકાર દ્વારા આરોગ્ય સેવાઓ નિઃશુલ્ક મળતી હોય લોકોને મોટા ખર્ચ થવાની ચિંતાઓ પણ દૂર થઈ છે.

છાપરવડ ખાતે આસ પાસના ૮ ગામોના ૧૪ હજારથી વધુની વસ્તીને આ આરોગ્યકેન્દ્રનો લાભ મળ્યો છે. આ ગામોમાં આરોડા, જેતપુર, છાપરવડ, ધામણબોરી, રાણીપુર, પીપળીયા, તોયણી, ખુંટા ગામોને આરોગ્ય સુવિધાઓ મળતી થઈ છે. પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર છાપરવડ ખાતે આરોગ્ય સુવિધાઓની વાત કરીએ તો પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં ખાસ ૨ ઓપીડી વિભાગ, દર્દીઓ માટે વિશાળ વેટીંગ એરિયા, કુલ ૧૦ બેડ દર્દીઓને દાખલ રાખી શકાય તેવી સુવિધા, પુરૂષ અને સ્ત્રી એમ અલાયદા વોર્ડની સુવિધા જેમાં દર્દીઓને સારવાર અપાશે. તેમજ તમામ સુવિધાથી સજ્જલેબોરેટરી જેમાં ૨૨ પ્રકારના ટેસ્ટ વિનામૂલ્યે કરવામાં આવશે. સીરોગની સારવાર માટેની સુવિધા ડીલેવરી માટે સ્પેશિયલ લેબર રૂમ પણ અહીં ઉભો કરાયો છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પતંગડી ખાતે મળનારી આરોગ્ય સુવિધાઓ વિશે તેમણે જણાવ્યું કે, અહીંના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તમામ અદ્યતન સુવિધાઓ દર્દીઓને નિઃશુલ્ક પુરી પડાશે. જેમાં મુખ્ય ભવન, પોસ્ટ મોર્ટમ રૂમ, આંતરિક સીસી રોડ, બોર વિથ મોટર, કમ્પાઉન્ડ વોલ, લેબર રૂમ, લેબોરેટરી, ડ્રેસિંગ રૂમ, દર્દીઓ માટે વિશાળ વેઈટિંગ એરિયા, પુરૂષ તેમજ સ્ત્રીઓ માટે અલાયદા વોર્ડની સુવિધા, દાખલ રાખવા માટે ૧૦ બેડની સુવિધા, બેડ ઉપર ઓક્સીજન સહિતની સુવિધાઓ અપાશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ રાજ્ય સરકાર છેવાડાના માનવીને ઘરઆંગણે જ નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ પ્રાપ્ત થાય એ માટે કટિબદ્ધ હોવાનું જણાવતા જિલ્લામાં આરોગ્ય સેવાઓ સુદ્રઢ બની હોવાનું જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ જિલ્લામાં નાગરિકોને મળી રહેલી વિવિધ આરોગ્ય સુવિધાઓ વિશે માહિતી આપી હતી. તેમણે લોકોને કોરોના સામે જેમનો બુસ્ટર ડોઝ બાકી હોય તેમને સત્વરે ડોઝ લઈ લેવા અપીલ કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, જિલ્લા આરોગ્ય અધિકારી ચન્દ્રકાન્ત પટેલ સહિતના અધિકારીઓ, જિલ્લા તેમજ તાલુકા પંચાયતના સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લા મુસ્લીમ સમાજ દ્વારા રણધીકપુર ગામે સુરક્ષા આપવા આવેદન આપ્યું

દાહોદ,

૨૦૦૨ કોમી તોફાનોમાં બિલકિસ બનું પરનો ગેંગ રેપ અને તેમના પરિવાર ના ૭ જણાની હત્યાના કેસમાં ૧૧ ગુનેગારોને માફી આપી છોડી દીધા અને તેનાથી ગામ રણધીકપૂરમાં એક ભયનો માહોલ અને ગામમાં સુરક્ષા આપવા બાબત દાહોદ જિલ્લાના મુસ્લિમ સમાજ દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લાના મુસ્લિમ સમાજના લોકો દ્વારા કલેક્ટરને આપવામાં આવેલ આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર, ગુજરાતના અંદર વર્ષ ૨૦૦૨ ના કોમી તોફાનોમાં રણધીકપૂર ગામમાં બનેલ ઘટનાઓમાંથી એક ઘટના તે બિલકિસ બાનું પરના ગેંગ રેપ અને તેણીના પરિવારના ૭ સભ્યોની હત્યાના કેસમાં ૧૧ ગુનેગારોને છોડી મુક્વાનો ગુજરાત સરકારનો નિર્ણય ખુબજ આઘાત જનક છે. અમારૂ ગામ રણધીકપૂર અને ત્યાંના રહેવાસીઓમાં ભય બેસી ગયો છે તેના કારણે લોકો પોતના ધંધા અને પોતાના ઘર છોડી છોડીને ગામ ખાલી કરી રહ્યા છે. તેમને કારણ પૂછવાથી એકજ વાત કહે છે કે, અમને ભય છે કે, અમારી જવાન છોકરીઓ સમેત અમારી ઔલાદ સાથે આવું બળાત્કાર વાળું કામ થઈ શકે તેથી અમે સેફટી માટે ગામ છોડી જઈ રહ્યા છે અને જ્યાર સુધી આ ૧૧ આરોપીને ફરી જેલમાં કરી અમારી બહેનને ઈન્સાફના મળે ત્યાં સુધી પાછા નહિ આવીએ. દર્દભરી અને પુરી ઉમ્મીદની સાથે અપીલ કરીએ છીએ કે આ ૧૧ ગુનેગાર બળાત્કારીઓ ને ફરી સજા આપી અને અમારા ગામને સુરક્ષા આપે જેથી લોકોનો ભય દૂર થાય અને અમારા ગામની તમામ મહિલા અને આખા દેશની તમામ મહિલા ચેન સુકુનથી સાંસ લઈ શકે અને દેશના બીજા બળાત્કારી ઓની હિમ્મતના વધે તેનાથી પહેલા આ બળાત્કારીઓનો રસ્તો કરી તેમને ફરી ઉમરકેદની સજા માટે મોકલવામાં આવે તેવી કલેક્ટર સમક્ષ દાહોદ જિલ્લાના મુસ્લિમ સમાજ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

# ચોમાસુ જામતાની સાથે જ દાહોદ-ગોધરા એક્સપ્રેસ વે ઉપર તસ્કરોનો તરખાટ



દાહોદ,

ગઈ કાલે મોડી રાત્રે મિત્રો સાથે મધ્ય પ્રદેશ ફરીને આવતા દાહોદગોધરા એક્સપ્રેસ વે ઉપર ત્રણ કાર પર થયો પત્થર મારો. ધાર માંડવ થી અમદાવાદ જતી ત્રણ કાર ઉપર દાહોદ લીમખેડા પીપલોદ વચ્ચે થયો પથ્થરમારો. ગઈ કાલે મોડી રાત્રે નવ વાગ્યાના સુમારે થય પત્થરમારો. પત્થર મારામાં એક કાર નો ફૂટ્યો કાચ અને બીજી બે કર ઉપર પડ્યા ગોબા. પથ્થરમારામાં અમિત દરજી નામના શખ્સની કરનો કાચ ફૂટ્યો અને તેઓને મોઢા ઉપર વાગ્યો હતો, પરંતુ સારી વાત એ હતી કે તેઓ ડ્રાઈવિંગ કરતા હતા છતાં કરના સ્ટેરીંગ ઉપરથી કાબૂ ગુમાવ્યો નહોતો. જો આવું બન્યું હોત તો તેઓને અને તેમના પરિવારને મોટો અકસ્માત નડ્યો હોત દાહોદ ગોધરા વચ્ચે દર વરસે ચોમાસામાં આવી ઘટનાઓ બનતી હોય છે. જેનો ભોગ ઘણા બધા લોકો બનતા હોય છે અને મોટે ભાગે ભોગ બનનાર લોકો દાહોદ જિલ્લા બહારના હોઈ આવી ઘટનાઓના કારણે દાહોદના લોકો સાથે સાથે વેપારીઓને પણ ચિંત સતાવતી રહે છે.

આ તસ્કરો જો આ રીતે એક્સપ્રેસ હાઈવે ઉપર આવી રીતે પત્થરમારો કરે તો શું લોકોએ સાંજ પછી દાહોદ ગોધરા માર્ગ ઉપર નીકળવાનું બંધ કરી દેવાનું આ એક યક્ષ પ્રશ્ન છે. અને દાહોદ જિલ્લા પોલીસ વડાએ આ મામલાને ગંભીરતા થી લઈ અને કાર્યવાહી કરવી જોઈએ તેવી દાહોદના લોકોની માંગણી છે જેથી ભવિષ્યમાં આવી ઘટના બને નહિ.

# વિધાનસભાની ચુંટણીની આચાર સંહિતા પહેલા મહેસુલ વિભાગમાં ગંજીપો છિપાઈ રહ્યો છે ત્યારે દે.બારીયા પુરવઠા મામલતદારની કાયમી જગ્યા કયારે પુરાશે...???

દે.બારીયા,

રાજયમાં હવે વિધાનસભાની ચુંટણીની આરે માત્ર ને માત્ર ૬૦ દિવસ બાકી રહ્યા છે. ત્યારે મુખ્યમંત્રીએ કેબીનેટકક્ષાના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી મહેસુલ મંત્રીનો વિભાગને છીનવીને હર્ષ સંઘવીને સોંપાયો છે. ચુંટણીને આડે માંડ ૯૦ દિવસ બાકી રહ્યા છે. ત્યારે મુખ્યમંત્રીએ બબ્બે કેબિનેટના મંત્રીઓના વિભાગોને છીનવીને સૌ કોઈને ચોકાંવી દીધા છે . ભુપેન્દ્ર પટેલની નવી સરકારમાં મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી પાસે કાયદો અને ન્યાય વિભાગ પણ હતો. કહેવાય છે કે, બિલકીસ બાનોના કેસના અને હત્યાના આરોપીઓની જેલ માંથી મુક્તિ પાછળ રચાયેલી કમીટીની ભલામણ આના પાછળ જવાબદાર હોય શકે છે. મળતી માહિતી અનુસાર મહેસુલ વિભાગમાં ગંજીપા થી મામલતદારો પણ બચી શકશે નહી. ફતેપુરા અને ઘોઘંબાના મામલતદારોની બદલી થઈ ગઈ છે. હવે કેટલા યથાવત રહેશે. આચાર સંહિતા સુધી દરેકના ઉપર તલવાર લટકતી રહેવાની છે. તે વાત નક્કી છે. અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે, દે.બારીયાના પુરવઠા મામલતદારની જગ્યા ચાર્જમાં જ ચાલે છે. આ મલાઈદાર જગ્યા ઉપર કાયમી પુરવઠા મામલતદાર કયારે મુકવામાં તે એક યક્ષ પ્રશ્ન છે.

# રણધીકપુર ગામે જાહેરમાં ચાલતા શ્રાવણિયા જુગારધામ પર પોલીસ ત્રાટકી : ત્રણ ખેલીઓ ૨૯ હાજરના મુદ્દામાલ સાથે ઝડપાયા

દાહોદ,

સિંગવડ તાલુકાના રણધિકપુરમાં જાહેરમાં ચાલતા શ્રાવણીયા જુવાર ધામ પર પોલીસે ઓચિંતો દરોડો પાડી ત્રણ ખેલીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે ત્રણે જુગારીયાઓ પાસેથી રોકડ રકમ મોબાઈલ ફોન તેમજ મોટરસાયકલ મળી ૨૯,૦૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સિંગવડ તાલુકાના નાની મંડેર નિશાળ ફળિયાના કમલેશભાઈ કલસીંગભાઇ હઠીલા, રાજેશભાઈ કુબેરભાઈ મકવાણા નિશાળ ફળીયા તેમજ રાજનભાઈ શામજીભાઈ કટારા રહે. મલેકપુર સીંગવડનઓ જાહેરમાં શ્રાવણીયો જુગાર રમી રહ્યા હતા. તે સમયે પોલીસે ચિંતો ધરોડો પાડી ઉપરોક્ત ત્રણેય જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે ઉપરોક્ત જુગારીયાઓ પાસેથી બે મોબાઈલ ફોન, ૧૫૦૦૦ કિંમતની મોટરસાયકલ તેમજ રોકડ મળી કુલ ૨૯,૦૧૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી જેલભેગા કર્યા હતા.

# દાહોદના છાપરી ગામે ઘર માંથી ૧૧ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના છાપરી ગામે દાહોદ એએસપી ની સ્કવોડે એક રહેણાંક મકાનમાં દરોડો પાડી તાલાશી લેતા મકાનમાંથી જુદા જુદા માર્કા ની વિદેશી દારૂની જથ્થા સાથે ઈસમ ને ઝડપી પાડ્યો છે.

દાહોદ તાલુકાના છાપરી સડક ફળીયા ખાતેનો રહેવાસી આકાશભાઈ માધુભાઈ સિસોદિયા પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની જાણ એએસપી ની સ્કવોડ ને થતા એએસપીની સ્કવોડે બાતમીના આધારે મકાનમાં દરોડો પાડી તલાસી લેતા મકાન માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ તેમજ બિયરના ૧૧,૫૬૦ રૂપિયાનો જથ્થો મળી આવતા પોલીસે વિદેશી દારૂના જથ્થાને કબ્જે લઈ આકાશભાઈ સીસોદીયાની અટકાયત કરી દાહોદ ગ્રામ્ય પોલીસ મથકમાં પ્રોહી અંગેનો ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

# દાહોદ બીજેપી દ્વારા આગામી કાર્યક્રમોને લઈ બેઠક યોજવામાં આવી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૨૨/૦૮/૨૦૨૨ (સોમવાર)ના રોજ દાહોદ તાલુકા, શહેર મંડળની બેઠક જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઇ આમલીયાર તથા ઝોન મહામંત્રી કનૈયાલાલ કિશોરી ની ઉપસ્થિતિમાં બપોરે ૧:૩૦ કલાકે પ્રસંગ પાર્ટી પ્લોટ-૧ ટોપી હોલ ગોવિંદ નગર દાહોદ ખાતે કરવામાં આવી.

દાહોદ તાલુકામાં તથા દાહોદ શહેર મા રહેતા રાષ્ટ્રીય, પ્રદેશ જિલ્લાના હોદ્દેદારો, મંડળના હોદ્દેદારો, મંડળ વોર્ડના શક્તિકેન્દ્રના પ્રભારી અને સંયોજક, મંડળ મોરચાના પ્રમુખ અને મહામંત્રી, જિલ્લા મોર્ચા ના હોદેદારો, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત લડેલા, કાઉન્સિલરો હાજર રહ્યા. આગામી કાર્યક્રમો વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું.

# વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા આયોજિત ત્રિવિધ કાર્યક્રમ ગુર્જર ભારતી દાહોદના નગરાળા ખાતેના શૈક્ષણિક સંકુલમાં યોજવામાં આવ્યો

દાહોદ,

નગરાળા શૈક્ષણિક સંકુલ ખાતે ત્રિવિધ કાર્યક્રમમાં નારીરત્ન એવોર્ડ, લોકદક્ષિણા મૂર્તિના પૂર્વવિદ્યાર્થીઓનું કર્મશીલતાનો અભિવાદન, લોકદક્ષિણા મૂર્તિ દાહોદ વિસ્તારના પૂર્વવિદ્યાર્થીઓનું સ્નેહમિલન કાર્યક્રમનો પ્રારંભ ગુર્જર ભારતી બી.એડ કોલેજની તાલીમાર્થીઓ દ્વારા પ્રાર્થના અભિનય દ્વારા પ્રસ્તુત કરવામાં આવી. ત્યારબાદ વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ ભીમજીભાઈ નાકરાણીના ધર્મપત્ની નીમાબેન નાકરાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત લોકદક્ષિણામૂર્તિના પૂર્વવિદ્યાર્થી તેમજ જિલ્લા પુરવઠા મામલતદાર દાહોદ કનુભાઈ દેવળે તેમની આગવી શૈલીમાં શાબ્દિક સ્વાગત કર્યું હતું.



આ કાર્યક્રમમાં પ્રવીણભાઈ ઠક્કર-પૂર્વ નિયામક લોકભારતી સણોસરા, ગોપાલભાઈ ધાનકા-મેનેજિંગ ટ્રસ્ટી ગુર્જર ભારતી દાહોદ, ઈલાબેન દેસાઈ-અધ્યક્ષ આદિમ જાતિ સેવક સંઘ ન્યુદિલ્હી, શાંતિભાઈ નીનામા પ્રમુખ ભીલ સેવા મંડળ, નરસિંહભાઈ મહિડા-પૂર્વ પ્રમુખ આશ્રમશાળા કર્મચારી સંઘ દાહોદ, હરિભાઈ પટેલ-ચેરમેન વાસુ હેલ્થ કેર વડોદરા, સવિતાબેન અમરસિંહભાઈ ગોહિલ-ટ્રસ્ટી ગુર્જર ભારતી, દેવચંદભાઈ સાવલિયા-મેનેજિંગ ટ્રસ્ટી વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટ બગસરા, જયબેન સાવલિયા, કવિતાબેન વિનોદભાઈ ડામોર-સંયોજક જ્યોતિ મહિલા વિકાસ સંગઠન બગસરા, નગરસીંહભાઈ પલાસ ઉપસ્થિત રહ્યા હતા. સૌ મહેમાનોને સાલ, પુષ્પગુચ્છ અને પુસ્તક અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્રિવિધ કાર્યક્રમની પ્રસ્તાવના દેવચંદભાઈ સાવલિયા દ્વારા કરવામાં આવી હતી.

ત્યાર બાદ કાર્યક્રમમાં ''વિશ્વ વાત્સલ્ય જ્યોતિ નારીરત્ન એવોર્ડ સંયોજક જ્યોતિ મહિલા વિકાસ સંગઠન બગસરાન કવિતાબેન વિનોદભાઈ ડામોરને અર્પણ કરવામાં આવ્યો. કવિતાબેન 0FDMZ પોતે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મુંડાહેડા ગામના વતની છે. તેમને કરેલ મહિલાઓની સેવાયાત્રાને અનેક બહેનોના જીવનમાં નવી રોશની પ્રદર્શિત કરી છે. મહિલાઓને સંગઠિત કર્યા છે. તેવા કવિતાબેન સમર્પિત કાર્યકર્તા તરીકે બગસરાના ટ્રસ્ટમાં સામાજિક સેવાકાર્યની ફરજ બજાવી રહ્યા છે. તેમને જ્યોતિ નારીરત્ન એવોર્ડ આપી દાહોદ વિસ્તારની દીકરીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. તેમને સન્માન પત્ર, એવોર્ડ, ચેક, સાલ થી વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા તરફથી સન્માનિત કરવામાં આવ્યા હતા. દાહોદ વિસ્તારમાંથી સવિતાબેન ગોહિલ દ્વારા સાલ અર્પણ કરવામાં આવી. દાહોદ વિસ્તાર માંથી અમરસીંહભાઈ ગોહિલે પુસ્તક તથા પુષ્પગુચ્છ અર્પણ કરેલ હતું. બગસરાની સંસ્થા દ્વારા આપવામાં આપેલ સન્માનપત્રનું વાંચન મહેન્દ્રભાઈ પાથરે કરેલ હતું. એવોર્ડ મેળવેલ કવિતાબેને પોતાના પ્રતિભાવો દાહોદ વિસ્તારની સમગ્ર મહિલાઓને સ્ત્રી-સશક્તિકરણ દ્વારા નારી શક્તિની જ્યોત જગાવવા માટે હાકલ કરી હતી. તેમને સ્વરોજગાર પ્રવૃત્તિથી મહિલાઓ માટે આત્મનિર્ભર બનવા જણાવ્યું હતું.

પ્રસંગિક ઉદ્બોધનમાં ભીલ સેવા મંડળના પ્રમુખ શાંતિભાઈ નીનામાએ શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓને વિકસાવવા માટે જણાવ્યું હતું. આવેલ મહેમાનોના પ્રસંગિક ઉદબોધનમાં પ્રવીણભાઈ ઠક્કર-પૂર્વ અધ્યક્ષ અને નિયામક લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ, પૂર્વ ડીન-ભાવનગર યુનિવર્સિટીએ લોકભારતી સંસ્થામાં અભ્યાસ કરી ચૂકેલા પૂર્વ વિદ્યાર્થીઓ તરફથી દાહોદ જિલ્લામાં કરેલ સામાજિક ક્ષેત્રે અને શૈક્ષણિક ક્ષેત્રે કાર્યોનું સમાજમાં યોગદાન જાણી ખુબ પ્રભાવિત થયા હતા. તેમને લોકભારતીના આદર્શો પ્રમાણે પોતાની ફરજ સમાજ પ્રત્યે અદા કરવા સૌ પૂર્વ વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. લોક દક્ષિણામૂર્તિના પૂર્વ વિદ્યાર્થીઓ હવે રચનાત્મક અને કેળવણીક્ષેત્રે અદભુત કામગીરી કરેલ હતી તે માટે આ કર્મશીલોનું અભિવાદન કરેલ હતું.

પૂર્વ વિદ્યાર્થીઓને સન્માનપત્ર, સાલ અને પુસ્તક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં જસભાઈ પટેલ, વસનાભાઈ રાઠોડ, હનુભાઈ પરમાર, માનસિંહભાઈ ભાભોર, અમરસિંહભાઈ ગોહિલ, સુમજીભાઈ ચૌધરી, પ્રફુલભાઈ ચૌહાણ, માધવસિંહભાઈ પલાસ, નારાણસિંહ રાઠોડ, છગનભાઈ બામણીયા, ગોપાલસિંહ સોલંકીને સન્માનિત કરવામાં આવ્યા હતા. અમરસિંહભાઈ ગોહિલે લોકભારતી સંસ્થાના વિદ્યાર્થીઓ દેશભરમાં કાર્યરત છે અને લોકભારતી સંસ્થાનું નામ રોશન કરેલ છે તે સમજાવી અદના તે આદમી કવિતાગાન કરી મંત્રમુગ્ધ કર્યા હતા. સાથે સાથે સન્માનિત પૂર્વવિદ્યાર્થીઓ પૈકી માનસિંહભાઈ ભાભોર અને પ્રફુલભાઈ ચૌહાણએ માતૃસંસ્થાના સંભારણા સૌને સંભળાવ્યા હતા. પ્રાસંગિક ઉદબોધનમાં હરિભાઈ પટેલે દાહોદ જિલ્લાની મહિલાઓ સામાજિક ક્ષેત્રે અને કેળવણીક્ષેત્રે ખૂબ પ્રગતિ કરે તે માટે સૂચન કર્યું હતું. પ્રાસંગિક ઉદબોધનમાં ગુર્જર ભારતી દાહોદના મેનેજિંગ ટ્રસ્ટી અને અનુસૂચિત જાતિ વિકાસ પરિષદ દાહોદના પ્રમુખ ગોપાલભાઈ ધાનકાએ પોતાની આગવી શૈલીમાં દાહોદ જિલ્લાની આદિવાસી મહિલાઓને વિશ્વ વાત્સલ્ય નારી રત્ન એવોર્ડ મેળવનાર કવિતાબેન ડામોર ને બિરદાવ્યા હતા. તેમને દાહોદ જિલ્લાની અનેક બહેનોને સમાજમાં અગ્રેસર રહેવા પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું. ગોપાલભાઈ ધાનકાએ દાહોદ જિલ્લામાં પૂ. ઠક્કરબાપાએ કરેલ સેવાકાર્ય સમજાવ્યા હતા. તેના કારણે આપણા જિલ્લામાં આદિવાસી સમાજનો વિકાસ શૈક્ષણિક ક્ષેત્રે હરણફાળ થઈ રહ્યો છે. પૂ.ઠઠક્કરબાપાએ દાહોદ જિલ્લાના ગરીબ અને પછાત વિસ્તારમાં પોતાના સેવાયજ્ઞમાં મદદરૂપ થઈ મુશ્કેલીઓમાંથી દૂર કર્યા હતા. તેમને દેવચંદભાઈ સાવલિયાએ કરેલ આ કાર્યક્રમને આવકાર્યો હતો. ઉદ્બોધનમાં ઈલાબેન દેસાઈએ આ દાહોદ વિસ્તારની મહિલાઓને જાગૃત કરવા માટે નામાંકિત મહિલાઓના કરેલ કાર્યો જણાવ્યા હતા. જેથી આ વિસ્તારની મહિલાઓનો વિકાસ દરેક ક્ષેત્રે થાય તે માટે શુભકામનાઓ પાઠવી હતી. પ્રસંગે ઉદબોધનમાં નરસિંહભાઈ મહિડાએ દાહોદ વિસ્તારના આદિવાસી ભાઈબહેનોને આગળ વધવા અને શિક્ષણમાં સમાજમાં પોતાનું યોગદાન આપવા સમજાવ્યા હતા.

# ઝાલોદથી સુખસર થઈ સંતરામપુરને જોડતો હાઈવે બિસ્માર બનતા વાહનચાલકોમાં ભારે રોષ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ઝાલોદથી સુખસર થઈ સંતરામપુર જતા હાઈવે ઉપર સુખસર બસ સ્ટેશનથી બલૈયા ક્રોસિંગ સુધીના માર્ગ ઉપર નાના મોટા ખાડા પડી જવાથી વરસાદી પાણી ભરાઈ રહેતા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. માર્ગ પડેલ ખાડાઓમાં પાણી ભરાઈ રહેવાથી ખાડા નજરે નહિ પડતા ટુ-વ્હિલર વાહનચાલકો સ્લિપ થઈ જતા વાહનચાલકોને ઈજાઓ થાય છે. સુખસર બસ સ્ટેશનથી બલૈયા ક્રોસિંગ સુધીના હાઈવે ઉપર પડેલા ખાડાઓને માર્ગ અને મકાન વિભાગ દ્વારા વહેલી તકે પુરવા વાહનચાલકોની માંગ ઉઠવા પામી છે. હાલ આ માર્ગની નવીનીકરણ કામગીરી મંથરગતિએ ચાલી રહી છે. પરંતુ તે કામગીરીને પુર્ણ થતાં હજુ મહિનાઓનો સમય વિતી જશે હાલમાં વાહનચાલકોને પડતી મુશ્કેલીઓ દુર કરવા માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ ખાડાઓનુ પુરાણ કરવા ધ્યાન આપે તે ખુબ જરૂરી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા સુખસર બસ સ્ટેશનથી આસપુર ચોકડી સુધી કોઈવાર કાંકરી-રેતીનુ પુરાણ કરી સંતોષ માણે છે. ખાડામાં વરસાદી પાણીનો ભરાવો રહેતા ગંદકી અને મચ્છરોનો ત્રાસ વધી જતા રોગચાળાની દહેશત ઉભી થઈ છે. સુખસર બસ સ્ટેશનથી લઈ આસપુર ચોકડી સુધીના રસ્તાની નવીનીકરણ કામગીરી કરતા પહેલા આ રસ્તો ખોદાણ કરવામાં આવે અને ત્યારબાદ તેની નવીનીકરણ કામગીરી થાય તેની સાથે વરસાદી પાણીના ભરાવાના કાયમી પ્રશ્નના નિરાકરણ માટે અને સ્થાનિકોના વપરાશના પાણીના નિકાલ માટે રસ્તાની સાઈડમાં ગટરલાઈન બનાવે તેવી સ્થાનિકો અને વેપારીઓ દ્વારા માંગ કરી રહ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.02

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## કાલોલ તાલુકાના સુરેલીના અજબસિંહ ચૌહાણ દ્વારા

# બીલમાં સરપંચ સહી નહિ કરવા મામલે તાલુકા પંચાયતમાં આત્મવિલોપનનો પ્રયાસ

કાલોલ,

કાલોલ તાલુકાના સુરેલી ગામના લાભાર્થી ૨૦૨૦-૨૧માં મનરેગા યોજના અંતર્ગત કુવા મંજુર થયેલ હોય અને લાભાર્થી મટીરીયલ બાકીમાં લાવીને કુવાનું કામ પુરુ કરેલ હોય જે બાકીની લેણાંની રકમ માટે પંચાયતના સરપંચ બીલ ઉપર સહી નહિ કરી લાભાર્થીને પરેશાન કરતાં આજરોજ લાભાર્થીએ કાલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે આત્મવિલોપનનો પ્રયાસ કરવામાં આવ્યો.

કાલોલ તાલુકાના સુરેલી ગામે રહેતા અજબસિંહ ભીખાભાઈ ચૌહાણની માલિકીની જમીનમાં મનરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧માં કુવા માટે યોજના મંજુર કરવામાં આવેલ જેમાં કામ પૂર્ણ કરેલ જેના મટીરીયલ બાકીમાં લાવીને પુરુ કરવામાં આવ્યું હતું. જેથી બાકીના લેણદેણ ચુકતે કરવા બાકી પડતા નાણાંનું બીલ ગ્રામ પંચાયતમાં મુકતા સરપંચ દ્વારા બીલમાં સહી નહિ કરતા મનરેગા યોજના અંતર્ગત કુવાના મટીરીયલના બાકીના નાણાં અટવાઈ ગયેલ હતા અને કુવાના





તસ્વીર : નુર બાલા, વેજલપુર

કામ માટે મટીરીયલ ખરીદી કરી હતી. તેવા લેણદારો દ્વારા બાકીના પૈસાની ઉઘરાણી કરાતી હોય જેને લઈ અજબસિંહ ચૌહાણ કંટાળીને કાલોલ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતમાં બાકીના બીલની રકમ અંગે રજુઆત કરી આત્મ વિલોપનની ચિમકી ઉચ્ચારી હતી અનેક વખત રજુઆત છતાં અજબસિંહ ચૌહાણને બીલ અંગે તાલુકા પંચાયત દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી ન હતી. જેથી કંટાળીને અજબસિંહ ચૌહાણ એ કાલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે આત્મવિલોપનનો પ્રયાસ કરતાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા પોલીસને જાણ કરતાં કાલોલ પોલીસ દોડી આવી હતી અને અજબસિંહ ચૌહાણની અટકાયત કરવામાં આવી હતી. અટકાયત કરાયેલ અજબસિંહ ચૌહાણ દ્વારા લેખિતમાં જણાવ્યા મુજબ સુરેલી ગામના સરપંચ નોકરી કરતા અને રોજ કંપનીમાં નોકરી જતાં હોય જેને લઈ ગામના વિકાસના કામો ખોરંભે પડયા છે અને ગ્રામજનો વિકાસ થી વંચિત બન્યા છે. સરપંચ ગ્રામ પંચાયતના કામોમાં રસ લેતા નથી. આ બાબતે તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતમાં અનેક વખત રજુઆત કરવા છતાં સરપંચ મટીરીયલના બાકીના બીલમાં સહી કરવામાં આવતી ન હોય જેને લઈ કંટાળીને આત્મવિલોપનનો પ્રયાસ કરવામાં આવ્યો. તાલુકા પંચાયત કચેરી ખાતે સુરેલી ગામના વ્યકિત દ્વારા આત્મવિલોપના નિષ્ફળ પ્રયાસને લઈ પંથકમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

# ગોધરા તાલુકાના સરપંચો દ્વારા તલાટીની હડતાલને લઈ પડતી મુશ્કેલીને લઈ TDO અને સરકારમાં રજુઆત

ગોધરા,

ગોધરા તાલુકામાં પંચાયતનાં તલાટીઓ સહિત રાજ્ય ભરના તલાટીઓ છેલ્લા કેટલાક દિવસોથી પોતાના પડતર પ્રશ્નો અને માંગોને લઈ સરકાર સામે હડતાળ પર ઉતર્યા છે. ત્યારે આ હડતાળ હજી સુધી યથાવત રહેતા ગ્રામ પંચાયત ખાતે વિવિધ કામો અર્થે આવતા ગ્રામજનો ને તો હાલાકી પડી જ રહી છે, પણ સાથે સાથે ગામના રાજા એવા સરપંચોને પણ ભારે મુશ્કેલી પડતા તલાટીઓની હડતાળનો વહેલી તકે સુખદ અંત લાવવામાં આવે તે માટે ગોધરા તાલુકાના સરપંચોએ તાલુકા પંચાયત કચેરી ગોધરા ખાતે તાલુકા વિકાસ અધિકારી સહિત સરકારને રજૂઆત કરવામાં આવી હતી.



સમગ્ર રાજ્ય સહિત પંચમહાલ જિલ્લાના તમામ તાલુકાના તલાટીઓ છેલ્લા કેટલાક સમયથી પોતાના પડતર પ્રશ્નો અને માંગોને લઈ હડતાળ પર ઉતર્યા છે. ત્યારે સરકાર દ્વારા તલાટીઓની માંગોનો અસ્વીકાર કરવામાં આવી રહ્યો છે અથવા તો નજર અંદાજ કરવામાં આવતા રાજ્યભરના તલાટીઓ નારાજ થતાં હડતાળ પર ઉતર્યા છે. ત્યારે તલાટીઓની હડતાળ નાં કારણે ગ્રામ પંચાયત ખાતે વિવિધ કામો અર્થે આવતા ગ્રામજનોની સાથે સાથે ગામના રાજા કહી શકાય તેવા સરપંચોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેને લઇ ગોધરા તાલુકાના સરપંચોએ આજ રોજ તાલુકા પંચાયત કચેરી ગોધરા ખાતે એકત્ર થઇ તલાટીઓની હડતાળનો વહેલી તકે સુખદ અંત લાવવા માટે તાલુકા વિકાસ અધિકારી સહિત સરકાર ને રજૂઆત કરી હતી. ગોધરા તાલુકાના ૧૦૦ ઉપરાંત ગ્રામ પંચાયતનાં સરપંચોએ રજૂઆત કરી હતી. ત્યારે પંચાયત નાં તલાટીઓ હડતાળ પર હોઈ રાજ્ય સરકારે રેવન્યુ તલાટી મારફતે ગ્રામ પંચાયતની કામગીરી કરવા આદેશ પણ કર્યા છે. ત્યારે રેવન્યુ તલાટી મારફતે ગ્રામ પંચાયતની કામગીરી શક્યના હોવાની સરપંચોએ રજૂઆત કરી હતી. ત્યારે ગોધરા તાલુકામાં ૧૦૮ ગામો પૈકી માત્ર ૧૮ જ રેવન્યુ તલાટી છે. ત્યારે વહેલી તકે તલાટીઓની હડતાળનો સુઃખદ અંત વહેલી તકે લાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

# પાવાગઢ પાસ ટપલાવાવના જંગલમાં ગુફામાં આવેલ શિવાલયના દર્શન માટે ભકતોનું ઘોડાપુર

પાવાગઢ,

પાવાગઢ નજીક ટપલાવાવના જંગલમાં જમીનની અંદર આવેલું શિવાલય ભકતો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. શિવાલિંગના દર્શન કરવા હોય તો, સાંકડી ગુફામાં પથ્થરોની ચટ્ટાનોના પગથિયાં ઉતરી જમીનમાં જવું પડે છે. જેટલી દસ ફૂટ ઉંચાઈ ધરાવતું આખે આખું શિવાલય જમીનમાં આવેલુ છે.



દસ ફૂટ જેટલી ઉંચાઈ ધરાવતું આખે આખું શિવાલય જમીનમાં પ્રાચીન સમયનું સમૃદ્ધ નગર પાવાગઢ આજે તેના બેનમૂન, ઐતિહાસિક સ્થાપત્યોને કારણે જાણીતું છે. કેટલાક સ્થાપત્યોને પુરાતત્વ વિભાગે દેશનની ઐતિહાસિક વિરાસત તરીકે જાહેર કર્યા છે, તો કેટલાક સ્થાપત્યો આજે પણ જંગલોમાં વિસરાયેલા અને વિખરાયેલા પડ્યા છે. મુઘલ આક્રમણ ખોરોએ પાવાગઢ અને આજુબાજુના મોટા વિસ્તારની જે રીતે લૂંટ ચલાવી હતી. તે અહીંના જંગલોમાં ભગ્ન અવસ્થામાં પડેલા અનેક ધાર્મિક સ્થાપત્યો જોતા તેનો અંદાજ આવી શકે એમ છે.

અહીં મંદિરમાં જવા પગથિયાં ઉતારવા પડે છે. પાવાગઢ નજીકના જંગલમાં આવેલ જમીનમાં ઘરબાયેલું આખે આખું શિવાલય આવેલું છે. અહીં મંદિરમાં જવા પગથિયાં ચડાવ નથી પડતા પણ ઉતારવા પડે છે. જમીન ઉપર ત્રણ બાય બેની સાંકડું ભોંયરૂ આવેલું છે. તેમાં પથ્થરોની શિલાઓના બનાવવામાં આવેલ પગથિયાં ઉતરી અંદર જવું પડે છે.

અહીં અંદર ઘરબાયેલા શિવાલય પશ્ચિમમાં ભિમુખી છે. એક સાથે ચારેક વ્યક્તિ જ અંદર ઉતરી દર્શન કરી શકે તેવું શિવાલય જમીનની અંદર આવેલું છે. ચારે બાજુ પથ્થરોની ચટ્ટાનો અને પિલરો ઉભેલા છે અને ઉપર પથ્થરોની ચટ્ટાનોનું શિખર પણ બનાવવામાં આવેલું છે. સૈકાઓ પહેલા આ શિવાલય જમીનમાં દટાઈ ગયું હોય તેવું પણ મંદિરની અંદર ગયા પછી લાગતું નથી. સામાન્ય તઃશિવાલયો પૂર્વભિમુખી હોય છે અનેં ઉત્તર તરફ ગૌમુખ હોય છે. અહીં જમીનની અંદર ઘરબાયેલા શિવાલય પશ્ચિમાંભિમુખી છે. જમીનમાં અંદર ઉતર્યા પછી પશ્ચિમ દિશા તરફથી શિવાલયમાં પ્રવેશ કરાય છે અને અંદર ઉતારવા માટે જમીન ઉપર બનાવાયેલ ભોંયરૂ શિવાલયના વાયવ્ય દિશા તરફ છે.

ચોમાસા દરમ્યાન આખું શિવાલય પાણીથી ભરાઈ જાય છે. જમીનની અંદર શિવાલય હોવાથી ચોમાસા દરમ્યાન પાણીનું સ્તર ઉંચા આવતા આખું શિવાલય પાણીથી ભરાઈ જતું હોય છે. અંદર ઉતારવાના ભોંયરા સુધી પાણી આવી જતા મંદિરના દર્શન બંધ થઈ જાય છે. પાણી આપોઆપ ઉતરી જતા મંદિરની સાફસફાઈ કરી દર્શન કરી શકાય છે. વર્ષોથી આ જમીનમાં આવેલ શિવાલયની કોઈ પૂજા અર્ચના કરતું નથી. કેટલાક ભક્તો આવે છે. જે શ્રદ્ધા મુજબ ભકિત કરી જતા રહે છે. અત્યારે શ્રાવણ માસ ચાલે છે એટલે એક સાધુ મહારાજ ત્યાં દિવસ દરમ્યાન ધુની ધખાવી નિવાસ કર્યો છે. જે રાત્રે નજીકના હનુમાનજી મંદિરે જતા રહે છે. ગીચ જંગલમાં આવેલ આ શિવાલય અત્યારે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હોય છે.

## ગોધરા શ્રી સ્વામિનારાયણ મંદિર (ટાવરવાળું) અને સહજાનંદ સો મંદિરમાં હિંડોળાનો અનેરો ઉત્સવ



તસ્વીર : રાજેશ પટેલ, ગોધરા

ગોધરા,

ગોધરામાં કાછીઆવાડ શ્રી સ્વામમિનારાયણ મંદિર તથા સહજાનંદ સોસાયટીમાં હિંડોળાનો શણગાર અને લાઈટીંગ સાથે ભવ્ય દર્શનનો હરિભકતોએ અનેરો લાભ લીધો હતો. શ્રાવણ માસનાં પવિત્ર તહેરવામાં શ્રી કૃષ્ણ જન્મની ઉજવણી પર્વે હરિભકતો દ્વારા મટકી ફોડ તથા ગોવિંદાની ધુન થી હજારો હરિભકતો દ્વારા કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. ગોધરામાં શ્રી સ્વામિનારાયણ મંદિર (ટાવરવાળું)માં ડાકોર થી આવેલ સંતોમાં શ્રી વિજય સંત સ્વામિ દ્વારા સત્સંગ ધુન અને ભર્જન કિર્તનનો કાર્યક્રમ યોજેલ હતો. શ્રી સહજાનંદ સોસાયટીમાં સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા અને કૃષ્ણ પર્વનો ઉત્સવ હરિભકતો દ્વારા અને જયેશભાઈ કોઠારી અને અશ્વિનભાઈ માધવ ભક્ત દ્વારા ભજન કિર્તનનું આયોજન કરેલ હતું.

શ્રી સ્વામિનારાયણ મંદિર (ટાવરવાળું)માં શ્રી વિજય સ્વામિ દ્વારા સત્સંગ સાથે ભજન, કિર્તનનો પ્રોગ્રામ ક્રેલ હતો. તેમાં ભરતભાઈ (ક્પો) અને ગોધરા હિંડોળા સમિતિમાં અખિલીશભાઈ-નીલકંઠ સીટવાળા અને લાલાભાઈ હરિભકતો દ્વારા રંગેચંગે ઉજવાયો હતો.

## ગોધરા-વડોદરા હાઈવે ઉપર અનેક વખત એસ.ટી. બસના બનાવ સલામત સવારીના ધજાગરા



ગોધરા,

એસ.ટી. બસની સલામત સવારી હવે જોખમ કારક સાબિત થતી હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે, છેલ્લા કેટલાક દિવસો થી ગોધરા વડોદરા હાઈવે ઉપર એક પછી એક બનાવ બની રહયા છે. જેના કારણે મુસાફરોને મુશ્કેલીઓ વેઠવી પડે છે. ગોધરા-વડોદરા હાઈવે ઉપર આવેલ વણાંકપુર અલ નૂર હોટલ સામે એસ.ટી. બસના ડ્રાયવર એ સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતા એસ.ટી. બસ રોડની સાઈડ એ ઉતરી ગઈ હતી. જેથી હાઈવે રોડ ઉપર થી પ્રસાર થતા લોકોએ ફોટા અને વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા જેથી સ્પષ્ટ સાબિત થાય છે કે એસ.ટી.ના તંત્ર દ્વારા સમય સર એસ.ટી. બસોની કામગીરી કરવામાં ન આવતી હોય અથવા ટ્રેકટરના ડ્રાયવરની ભરતી કરવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે. જેથી એસ.ટી. તંત્ર વેહલી તકે જાગે તે જરૂરી છે. જેથી કોઈ મોટી દૂર્ઘટના ટળી શકે અને મુસાફરોને સલામત સવારી મળી શકે.

## પંચમહાલ જીલ્લા અને તાલુકામાં ફરજ બજાવતા વન રક્ષક અને વનપાલ પડતર માંગણીને લઈ આગામી દિવસ હડતાળની ચિમકી



ગોધરા,

પંચમહાલ જિલ્લાના તાલુકા મથક ખાતે આવેલ વન વિભાગની કચેરીમાં ફરજ બજાવતા વન રક્ષક અને વનપાલ પોતાની પડતર માંગણીઓને લઈને પોપટપુરા ખોડીયાર મંદિર ખાતે એકત્રિત થયા હતા. રાજ્ય સરકાર ગ્રેડ પે સહિતની જે પડતર માંગણીઓ વન વિભાગમાં ફરજ બજાવતા વન રક્ષક અને વનપાલની સ્વીકારવામાં નહિ આવી હોવાથી જિલ્લા વન અધિકારીને આ મામલે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવનાર દિવસોમાં જો વન વિભાગમાં ફરજ બજાવતા વન રક્ષક અને વનપાલની પડતર માગણી સ્વીકારવામાં નહીં આવે તો ૨૯/ ૮ ના રોજ થી હડતાલ પર જવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## ગોધરા પશ્ચિમ વિસ્તારમાં મધ્ય ગુજરાત વીજ કંપનીની ૩૭ ટીમો દ્વારા ૬૪ વીજ કનેકશનમાં ૧૯.૦૯ લાખની વીજ ચોરી ઝડપી

ગોધરા,

ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં એમ.જી.વી.સી.એલ. ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું. વીજ કર્મીઓની ૩૭ ટીમો દ્વારા ચેકીંગ કરવામાં આવતાં ૬૪ વીજ કનેકશનમાં ગેરરીતિ મળી આવી. અંદાજે ૧૯.૦૯ લાખની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી. ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં આજરોજ વહેલી સવાર થી એમ.જી.વી.સી.એલ.ની ૩૭ ટીમો દ્વારા વીજ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ વીજ ચેકીંગમાં ગોધરા-વડોદરા અને નડીયાદની ટીમો સ્થાનિક પોલીસ સાથે રાખીને વીજ ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં જી.એફ.મીલ ફિડર, નવા બજાર ફિડર, ટાવર ફિડર, ગોન્દ્રા ફિડર વિસ્તારના ૭૨૩ વીજ કનેકશનની ચેકીંગ કરવામાં આવ્યું હતું. આ કનેકશન માંથી ૬૪ વીજ કનેકશનમાં ૧૯.૦૯ લાખની વીજ ચોરી ઝડપાઈ હતી.

## ગોધરાના દરૂણીયા ગામે જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપ્યા

ગોધરા,

ગોધરાના દરૂ ણીયા ગામે જાહેરમાં જુગાર રમતા સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી ત્રણ ઈસમોને ૧૭૮૦ રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા. વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા બી ડીવીઝન પોલીસ મથક વિસ્તારના દરૂણીયા ગામે ઢોલી ફળીયા પાસે જાહેરમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન લાલાભાઈ મોહનભાઈ ઢોલી, ગોપાલભાઈ મોહનભાઈ ઢોલી, સોમાભાઈ બોડાભાઈ નાયકને ઝડપી પાડી અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૧૭૮૦/-રૂપીયાના મુદ્દામાલ કબ્જે લઈ આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.



ઈન્ડોનેપાલ ઈન્ટરનેશનલ ફૂટબોલ ચેમ્પિયનશીપ, નેપાળ દ્વારા આયોજીત વિજેતા ઈન્ટરનેશનલ ફૂટબોલ સ્પર્ધામાં અમન ડે સ્કુલના વિદ્યાર્થીઓ રેયાન અડવાણી,દર્શિલ નામાવાણી, ફોદા ઝૈદ,ખાંટ કૌશિક, શર્મા સૌમ્ય સ્પોર્ટ્સ કોચ દ્વારા તાલીમ લઈને ૧૬ ઓગસ્ટ થી ૨૧ ઓગસ્ટ સુધી ઈન્ટરનેશનલ સ્પર્ધામાં પોતાનું યોગદાન આપીને ફર્સ્ટ પ્રાઈઝ વિજયી થઈ શાળાને ગૌરવ અપાવ્યું તે બદલ સમગ્ર શાળા પરિવાર શુભેચ્છાઓ પાઠવે છે.

## હાલોલ પાવાગઢ તળેટી અને માંચીમાં વાહનો પાર્કિંગની સમસ્યાથી યાત્રાળુઓ પરેશાન

હાલોલ,

હાલોલ તાલુકાના પાવાગઢ ખાતે દવજારોહણ બાદ રજાઓના દિવસમાં લાખોની સંખ્યામાં માઈ ભકતો કાલિકાના દર્શન માટે ઉમટી પડે છે. રવિવાર હોવાથી બે લાખ ઉપરાંત માઈ ભકતો દર્શન માટી ઉમટી પડ્યા હતા.

તળેટી અને માંચી ખાતે વાહન પાર્કિંગની સમસ્યાથી યાત્રાળુોને તળેટી ખાતે બે થી ત્રણ કિમી દુર વાહનો પાર્ક કરી ચાલીને જવા માટે ફરજ પડતા રોષ જોવા મળ્યો હતો. તળેટીથી માંચી સુધી ચાર માર્ગે રસ્તો બનાવ્યો હતો આ ઉપરાંત પગથિયાઓ નવેસરથી બનાવ્યા છે. માંચી ખાતે માંચીનો ચાંચર રોડ બનાવ્યાની સાથે મંદિરના જીર્ણોદ્ધારના કાર્યો સાથે સુવર્ણ કળશથી સુશોભિત શિખરબદ્ધ મંદિર પર ઐતિહાસિક દવજારોહણ બાદ યાત્રાળુઓની સંખ્યામાં ખુબ મોટો વધારો જોવા મળ્યો છે. એમાં પણ રજાઓના દિવસે લાખોની સંખ્યામાં માઈભકતો ઉમટી પડતા હોય છે. તળેટી તેમજ માંચી ખાતે પાર્કિંગની સમસ્યાના પગલે યાત્રાળુઓને ચાલીને જવાનો વારો આવી રહ્યો છે. પાવાગઢ ખાતે પાર્કિંગની વ્યવસ્થાના અભાવને લઈ પાવાગઢના વિકાસ ઉપર ઝાંખપ પડતી જણાઈ આવે છે. પાવાગઢ તળેટી ખાતે માંચી ત્રણ રસ્તાથી રંગમંચની વચ્ચે આવેલી જમીન જે હાલમાં ફોરેસ્ટ વિભાગની જમીન છે જે જમીનને યાત્રાળુઓના હિતને દયાનમાં રાખી ડી-ફોરેસ્ટ કરે તો આ મેદાન પર ઓછામાં ઓછી ૭૦૦ જેટલી ગાડીનુ પાર્કિંગ થઈ શકે તેમ છે. પાવાગઢ વિકાસ પ્રોજેકટ અંતર્ગત ડુંગર પર ૩૦૦ ગાડીના પાર્કિંગ માટેનુ આયોજન કરવામાં આવ્યુ છે પરંતુ હાલમાં તેનુ કામ શરૂ થયેલ ન હવાથી આ પાર્કિંગ ન શરૂ થતા કેટલા વર્ષ લાગશે ત્યાં સુધી પાર્કિંગની વ્યવસ્થા તળેટી ખાતે પાર્કિંગ સુવિધા યુદ્ધના ધોરણે શરૂ કરે તે જરૂરી છે.

## કારમી મોંઘવારીમાં ધાત્રી માતાને ૨૭ રૂપિયામાં ભરપેટ ભોજન કરાવવું અશક્ય લાગતા

# ઘોઘંબા આંગણવાડી કાર્યકરો એ વિરોધ નોંધાવી પોષણ સુધા યોજના બંધ કરવાનાં સૂત્રચાર થયા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં આંગણવાડી બહેનોને ઓછા પગારમાં તંત્ર દ્વારા વૈતરૂ કરવામાં આવે છે. છેલ્લા આઠ માસથી તેમના બિલો મંજૂર ક્રવામાં ન આવતા આંગણવાડી કાર્યકર બેનો દ્વારા આજરોજ તેમનો વિરોધ દર્શાવ્યો હતો. સરકાર દ્વારા પોષણ સુધા યોજના ધાત્રી માતાને માત્ર ૨૭ રૂપિયામાં ભરપેટ પોષણતમ ભોજન દાળ,ભાત, શાક, રોટલી લાપસી બનાવી ધાત્રી માતાને આપવાનું કામ આંગણવાડી બહેનોને સોંપવામાં આવ્યું છે. ત્યારે કારમી મોંઘવારીમાં શાકભાજી થી લઈ અનાજ દૂધના



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ભાવ વધી ગયા છે શાકભાજી ૫૦ થી ૧૦૦ રૂપિયા કિલો ભાવ બોલાય છે. ત્યારે માત્ર ૨૭ રૂપિયામાં આટલું ભોજન આપવું સંભવ ન હોય આંગણવાડી કાર્યકરોએ આ બાબતનો વિરોધ કરી આ યોજના બંધ કરવાનો સૂત્રચાર કર્યા હતા. જો સરકારને ધાત્રી માતા માટે આટલી જ લાગણી હોયતો કોઈ NGO સંસ્થા મારફતે ભોજન તૈયાર કરાવી આંગણવાડી કાર્યકરોને આપશેતો તેઓ ધાત્રી માતા સુધી આ ભોજન પહોંચાડશે તેવી બાહેધરી આપી હતી. ઘોઘંબા આગણવાડી કાર્યકરનું સ્થાનિક અધિકારીઓ દ્વારા શોષણ થઈ રહ્યું હોવાની ચર્ચા ચાલી હતી. જેમાં નવા નવા નિયમો તેમજ વિવિધ બાબતો ના નામે આંગણવાડી કાર્યકરો પાસે નાણા ઉઘરાવવામાં આવે છે. આ બાબતે આંગણવાડી કાર્યકરો દ્વારા રેલી સ્વરૂપે આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ ગોઠવામાં આવ્યો છે.